Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

यातं भोगाभिलाषैरखिलमिदमहो जीवितं तावकीनं ।
यत्नो नैव त्वयाज्ञ कृत इह जननक्लेशविच्छेदहेतुः ॥
त्यक्त्वासक्तिं गजेन्द्रश्रुतिशिखरचलेष्वेषु भोगेषु शीघ्रं ।
'आत्मानन्द प्रकाशं' कुरु हृदयगतं येन शश्वत्सुखं स्यात् ॥ १ ॥

पु. २१. | वीर सं. २४४९. आश्विन आत्म सं. २८ | अंक ३ जो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ શ્રી સિદ્ધચક્ર ( નવપદ ) આરાધન. | ૫૧ | ૫ વર્તમાનયુગે નૉવેલોનું સ્થાન. ... | ૬૦ |
| ૨ કેશર પ્રમુખને વાપરવા પહેલા બારિક દૃષ્ટિથી તપાસવાની જરૂર ... ... | ૫૨ | ૬ ઐતિહાસિક જૈન સાહિત્ય. ... | ૬૪ |
| ૩ થયેલો કંઇક સંતોષ. ... ... | ૫૨ | ૭ આત્માનંદ પ્રાપ્તિનો માર્ગ. ... | ૬૮ |
| ૪ પર્યુષણાપર્વ સંબંધી વિચારો. ... | ૫૩ | ૮ ગ્રંથાવલોકન. ... ... ... | ૭૨ |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા.

## ( વિવિધ અનેક ચમત્કારિક કથાઓ સાથે શ્રી પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું વિસ્તાર પૂર્વક અપૂર્વ વર્ણન. )

સકલ મંત્ર શિરોમણિ, અનેક ગુણકલ્પ મહોદધિ, ચાદપૂર્વના સારભૂત પંચપરમેષ્ટી નમસ્કાર મહામંત્ર કે જેનો મહિમા કલ્પવૃક્ષ કરતાં પણ અધિક શાસ્ત્રકાર મહારાજે વર્ણવેલ છે. અને જે ધ્યાન કરવા યોગ્ય છે; નવલાખવાર વિધિપૂર્વક જપ કરતાં–નર્કનું નિવારણ થતાં ભવનો પાર–મોક્ષ પમાય છે, એમ. અપૂર્વ મહિમા શાસ્ત્રમાં વર્ણવેલ છે.

જિનેશ્વર ભગવાને આત્માના મોક્ષ માટે ધ્યાન–તપ ઉત્કૃષ્ટ ક્રિયા કહેલી છે, અને ધ્યાન પંચપરમેષ્ટીના ૧૦૮ ગુણોનું થઇ શકે છે. **પંચપરમેષ્ટી શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મુનિરાજ** અને તેના અનુક્રમે બાર, આઠ, છત્રીશ, પચીશ અને સત્તાવીશ ગુણો મળી ૧૦૮ ગુણ થાય છે, કે જેનું નવકારવાળી દ્વારા ધ્યાન થઇ શકે છે. આ ૧૦૮ ગુણોનું જાણપણું સર્વ કોઇને ન હોઇ શકવાથી હાલ ઘણે ભાગે નવકારવાળીમાં ગુણોને બદલે માત્ર નવકારમંત્રનું એક એક પારે એક સ્મરણ થાય છે; પરંતુ શાસ્ત્રકાર મહારાજનું કથન પંચપરમેષ્ટીના ૧૦૮ ગુણનાં વર્ણનનું સ્મરણ, નવકારવાળી દ્વારા મોક્ષ મેળવવા માટે કરવાનુ ફરમાન છે. જેથી ભવ્ય જનોના ઉપકાર નિમિત્તે શ્રી જિનલાભસૂરિ મહારાજની આજ્ઞાથી શ્રી ખરતર ગચ્છના વિદ્વાન મુનિરાજ શ્રી રામવિજયજી ઉપાધ્યાયજી .મહારાજે આ ગ્રંથમાં તે ઉત્તમોત્તમ ગુણોનું અપૂર્વ, સુંદર, સરલ અને મોક્ષદાયી વર્ણન અનેક ચમત્કારિક કથાઓ દ્રવ્યાનુયોગની હકીકતો, શાસ્ત્રોની સાક્ષીઓ આપીને મોક્ષના અભિલાષિઓ માટે કરી તેની અલૌકિક રચના કરી છે.

દરેક જૈન બંધુના ઘરમાં, લાઇબ્રેરીમાં, નિવાસ સ્થાનમાં સ્મરણ, મનન માટે આ ગ્રંથ અવશ્ય હોવોજ જોઇએ. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપોથી છપાવી, સુશોભિત બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૧–૮–૦ પોસ્ટેજ જુદું.

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧ શેઠ રણછોડભાઇ શેષકરણ | રે૦ પોરબંદર હાલ મુંબઇ | | પે. વા. લાઇફ મેમ્બર. |
| ૨ શેઠ ચુનીલાલ કમળશી | રે૦ હળવદ | હાલ મુંબઇ | બી. વ. લાઇફ મેમ્બર. |
| ૩ શેઠ હઠીચંદ માવજીભાઇ | | મુંબઇ | ,, |
| ૪ પારેખ દુર્લભજી ઉમેદચંદ | રે૦ લીંબડી | | ,, |
| ૫ શા છોટાલાલ પીતાંબરદાસ | રે૦ ભાવનગર હાલ મુંબઇ | | ,, |
| ૬ શા વીરચંદ રતનશી | રે૦ માંડલ | | પે. વ. લાઇફ મેમ્બર. |
| ૭ શા ચીમનલાલ મુળચંદભાઇ | ,, | | પે૦ વાર્ષિક મેમ્બર. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

अपगतमले हि मनसि स्फटिकमणाविव रजनिकरग-
भस्तयो विशन्ति सुखमुपदेशगुणाः, गुरुवचनम-
मलमपि सलिलमिव महदुपजनयति श्रवण-
स्थितं शूलमभव्यस्य ।

कादम्बरी.

पुस्तक २१ ] वीर संवत् २४४९ आश्विन आत्म संवत् २८. [ अंक ३ जो.

## श्री सिद्धचक्र ( नवपद ) आराधन.

**आराधक महाशय !**

અષ્ટાન્હિકા દ્વિ શાશ્વતિ આશ્વિન ચૈત્રતણી ખરે,
આરાધના **નવપદ** તણી **શ્રીપાલ** નૃપવત્ આદરે;
દુષ્કર્મ દૂર પલાય વાંચ્છિત સકલ સિદ્ધ પ્રભાવથી.
ધ્યાતા નિપાવે ધ્યેયને એ ધ્યાન ધર ઉત્કૃષ્ટથી.

( વેલચંદ ધનજી. )

For Private And Personal Use Only

## કેસર પ્રમુખને વાપરવા પહેલા બારિક દૃષ્ટિથી તપાસી ખાત્રી કરી લેવાની જરૂર.

ચોમાસામાં વર્ષાઋતુને લઇ અનેક વસ્તુઓ ઉપર તે તે વસ્તુઓના વર્ણવાળી લીલ ફૂગ થઇ આવે છે. તેથીજ ખાનપાનાદિકમાં ઉપયોગમાં લેવામાં આવતી તેવી ગમે તે ચીજને ખાસ સંભાળથી તપાસી લેવી જોઇએ. અન્યથા અનંત જીવની વિરાધના અનેક પ્રસંગે થઇ જવા પામે છે. પાપડ, સુકવણી, વિગેરે ચીજો એમાં દાખલારૂપે છે. કેસર પ્રમુખમાં પણ બેસુમાર કુંથુઆદિક જીવજંતુઓ પેદા થઇ જાય છે તેની તપાસ નહીં કરનાર ભાઇ બ્હેનો પ્રભુભક્તિ પ્રસંગે પણ બેદરકારીને લીધે તેવું જીવાકુલ કેસર વાટી નાંખે છે એ ખરેખર ખેદકારક છે. આ બાબત વખતોવખત કહેવું કે લખવું પડે નહીં. જ્યાં દરેક કામ કરતાં જયણાનું લક્ષ જાગ્રત રહેવું જોઇએ, ત્યાં આવી બેદરકારી રાખવી નજ ઘટે. કેસરમાં ગમે તે ચીજોનું મિશ્રણ થવાને લીધે કે ભીની હવાને લીધે બેસુમાર જીવજંતુઓ ઉપજે છે. તેની ખાત્રી કરી પછીજ તેનો ઉપયોગ કરવો ઘડે. ભરઉનાળા–ગરમીની ઋતુમાં પણ કેસરના પેક કરેલા ડબામાંથી તપાસ કરતાં આવી જીવાત પડેલી જોવા–જાણમાં આવી છે તેથીજ બીજા અણજાણ ભાઇ બ્હેનોને ચેતવવા આ હિત સૂચના કરેલી છે. ઇતિશમ્. **મુનિ મહારાજ શ્રી કર્પૂરવિજયજી.**

## થયેલો કંઈક સંતોષ.

ખામણાના પત્રો સંબંધી પર્યુષણ પહેલાંજ થયેલી સૂચનાને લક્ષમાં લહી, કંઇક ભવ્ય જનોએ તેનો યથાયોગ્ય આદર કરેલો જણાયાથી કંઇક સંતોષ જાહેર કરવા પ્રેરણા થઇ. જો કે અદ્યાપિ જુની રૂઢિ માત્રને વશ થઇ રહેલા એવા પત્ર પરિણામે વ્યવહારથી સાવ બચ્યા જણાતા નથી. તેમને પણ તે બાબત વિચાર કરી અધિક હિત થતું સમજાય એવોજ સરળ ખર્ચ સ્વિકારવા ભલામણ કરવી ઉચિત લાગે છે, શાણા સજ્જનોએ દીર્ઘદૃષ્ટિથી સુંદર પરિણામવાળો માર્ગજ આદરવો ઘટે. કેમકે તેમનો દાખલો લઈ બીજા અનેક મંદ અધિકારી જનો પણ તેનો આદર કરવા પ્રેરાય છે. કેવળ કૃપણતાથી પૈસા બચાવવા માટેજ નહીં, પરંતુ વગર જરૂરી પત્રવ્યવહારની ખટપટથી બચી જવા તથા ખમવા–ખમાવવાના ખરા આશયને સમજી તેને અમલમાં મુકી બચવા પામેલ દ્રવ્ય, સમય ને શક્તિનો સદુપયોગ કરવા સહુ સજ્જનો અધિક લક્ષ રાખતા રહે એજ ઇષ્ટ છે. સહુને એવી સદ્બુદ્ધિ કાયમ બની રહો ! નાના મોટા ગૃહસ્થ કે સાધુઓ સહુને શુદ્ધ હાર્દિક ખામણાનો અભ્યાસ રાખવો ઘટે. જેથી આત્મા ઉપરથી કર્મનો ભાર ઓછો થાય એજ ઇષ્ટ છે, સહુને હૃદયથી ફરી ખમાવી એજ રીતે ઉદાર દિલથી ખમવા પ્રેરાય છે. (મુ૦ ક૦ મહારાજ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ अर्हम्

पर्युषणा ( संस्कृत )

पज्जोसणा ( प्राकृत )

પજુસણ ( ગુજરાતી )

# પ્રસ્તાવના.

બંધુઓ !

પર્યુષણાપર્વ જૈનધર્મ માનનારાઓનો સૌથી પવિત્ર અને પ્રખ્યાત તહેવાર છે, અને તેટલોજ જૈનેતર પ્રજાવર્ગમાં પણ વિખ્યાત છે.

તે પર્વ આટલે સુધી પવિત્ર ગણવામાં આવ્યું છે, તેનો મહિમા ઘણોજ વર્ણવવામાં આવ્યો છે; તે કેવી રીતે ? પર્યુષણા શબ્દમાં વાચ્યાર્થ શો સમાયો છે ? તે આ લેખમાં સમજાવવા બુદ્ધિ અનુસાર સ્વલ્પ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ પર્વ અનાદિ કાળનું પ્રવાહિત છે, એમ આપણે જૈન બંધુઓ માનીએ છીએ, પરંતુ હાલ **પ્રભુ મહાવીરસ્વામીનું** શાસન પ્રવર્તતું હોવાથી, તેમના શાસનમાં પ્રવર્તતા પર્યુષણા પર્વની વાત કરીએ. બીજા તીર્થંકરોના શાસનમાં પ્રવર્તતા પર્યુષણાઓમાં પણ તત્વતઃ બહુ ભેદ નથી.

# ભૂમિકા.

**પ્રાચીન ભારત.**

આપ સૌ ચિત્ત શાંત કરો, અને આજથી લગભગ અઢી હજાર વર્ષ પૂર્વે ખુદ **મહાવીર પ્રભુ** આ હિંદુસ્થાનમાં વિચરતા હતા, અને પોતાના પવિત્ર ઉપદેશથી જનસમૂહને પવિત્ર કરતા હતા, તે સમયનો ચિતાર એક વખત હૃદયમાં સ્થાપો.

તે વખતે લોખંડી રસ્તા પર દોડતી રેલ્વે, વિદ્યુત્વેગે પસાર થતી મોટરકાર, ગગનપથગામી હવાઇ વિમાનો ( એરોપ્લેન ), ને બીજાં હાલના જેવા વિવિધ યંત્રો વિદ્યમાન ન હતા, અર્થાત્ તે વખતના લોકો હાલની જેમ યંત્રિત ન હોતા, પરંતુ ઘણી રીતે સ્વતંત્ર હતા.

તે કાળ તે સમય જે કાળે, જે સમયે શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ વિચરતા હતા, તે કાળે, તે સમયે હિંદુસમાજ બંધારણ હાલના કરતાં ઉત્કૃષ્ટકોટી ભોગવતું હતું, એટલે વૈદિક હિંદુઓ, જૈન હિંદુઓ, તથા બૌદ્ધ હિંદુઓ એ ત્રણે મહાવર્ગોના સમાજ બંધારણના સમાન સિદ્ધાંતોનો સંપૂર્ણ વિજય હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થળે સ્થળે જંગલો હતાં, ધાન્ય દેશ ધરાય તેના કરતાં થોડી મ્હેનતે પણ મોટા પ્રમાણમાં પાકતું હતું, અને બહાર ખેંચાતુ યે નહોતું. તેમજ બીજી પણ મનુષ્ય જીવનમાં ઉપયોગી, ને શોખની ચીજો જોઈએ તે પ્રમાણમાં અવશ્ય થતી હતી. સોનું, ચાંદી, ઝવેરાત વિગેરે માટે પણ આ દેશનો આધાર અન્ય દેશ પર ન્હોતો. અમુક વર્ગ ખેતી કરતો હતો, અમુક વર્ગ વ્યાપાર કરતો હતો, ને અમુક વર્ગ કળાભિજ્ઞ હતો. અમુક વર્ગ દેશ ને પ્રજાનું સુકાન સાચવતો હતો. જોઈએ તે પ્રમાણમાં સઘળું હતું. વાર્ષિક ખર્ચ થોડા વખતની મ્હેનતથી જોઈએ તે પ્રમાણમાં મળી જતો હતો. તેથી ધંધા રોજગારના હાલના જેવા સાહસોની જરૂર ન હોતી; છતાં સાહસિક અને મોટી પ્રવૃત્તિઓ કરનારા ન્હોતા એમ ન્હોતું.

**દેશનું ગોધન**—દેશનું ગોધન ખરેખર અપૂર્વ હતું. ગાય, ભેંસના દૂધ, છાશ, દહીં અને ઘીથી દેશ તૃપ્ત હતો; તેથી, ને જેમ બને તેમ કુદરતી જીવન જીવવામાં આવતું હોવાથી શારીરિક સંપત્તિ અપૂર્વ હતી. કયાં હાલના કતલખાના ને કયાં તે વખતની પશુઓ પરની મમતા ! યાંત્રિક કતલખાનાઓ થોડીજ મીનીટમાં હજારો પ્રાણીઓના પ્રાણ ખેંચતા ધમધોકાર ચાલ્યાજ કરે છે, ને માંસ શિવાયના બીજા અવયવો–હાડકા, લોહી, ચરબી વિગેરેમાંથી બટન, હાથાઓ, રંગ, સરેસ વિગેરે ચીજો બનાવી અકુદરતી વ્યાપાર ચલાવે છે. કયાં એ પૂર્વનો પુણ્યાહ, ને કયાં આજનો હત દિવસ ! ! તે વખતના મનુષ્યોમાં ખરેખર મનુષ્યત્વ ખીલ્યું હતું. તેઓ હમેશાં આનંદ, શાંતિ, નિખાલસતા વિગેરે ટકાવી શકતા હતા, તેઓનાં હેતાળ હૈયાં પ્રેમથી ઉભરાતાં હતા.

કયાં આજના હાડપીંજર જેવા જણાતા ચસ્કેલ યુવકો ! ને કયાં તે વખતના થનગનતા કુમારો ! ! સો વર્ષની ઉમ્મરે પણ આંખનું તેજ જેવું ને તેવુંજ, અર્થાત્ એકંદર માનુષી શકિતનો બહુ વ્યય થતો ન્હોતો. જંગલોમાં કે ભીડ પડે તેવા ભયંકર પ્રસંગોની સામે થવાની અપૂર્વ તાકાત ખીલી રહી હતી. ત્યારે હાલ માનવો પ્રવૃત્તિની ઘાણીમાં પીલાય છે. વિપથગામી મહત્વાકાંક્ષાની જ્વાળામાં જંપલાય છે. એકંદર જગત્ આડે રસ્તે ચડી ગયું છે. સતીશિરોમણિ ગૃહદેવીઓ ગૃહો ઉજમાળતી હતી. માતાના સાત્વિક ધાવણના વેગવન્તા પ્રવાહથી ઉછરેલા હસમુખા બાળકો દેશની અપૂર્વ આશારૂપ હતા.

ખરેખર તે સમય હિંદુસ્થાનમાં સ્વર્ગીય જીવનનો હતો. જીવનના નાના નાનાયે પ્રસંગો પવિત્ર અને સહેતુક હતા. તે વાતને હાલના વિદ્વાનો પણ કેટલેક અંશે ટેકો આપે છે.

જો કે તે વખતે જીવન સંકટ બહુ નહોતું, તેથી તેઓ માત્ર મોજમજાહ અને આળસમાં વખત ગુમાવતા હતા એમ પણ નહોતું. તેઓની મોજમજાહમાં પણ રસ હતો, બળ પ્રેરકતા હતી. તેમની પ્રવૃત્તિ હાલની જેમ નિરસ ઉપલક ભભકાવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ળી અને નૈતિક શિથિલતા કરવાવાળી નહોતી, ગમે તેવી હલકી કોમ કે ગરીબ સ્થિતિના મનુષ્યોના જીવનમાં પણ રસ રેડાતો હતો. સમાજ બંધારણજ એવું હતું. કેળવણી–વિદ્યાભ્યાસ સફળ હતાં, લોકો ભણતાં ઓછું, પરંતુ કેળવાતાં સારી રીતે, હાલની કેળવણીએ આપણને ઘણે ભાગે કારકુનો, નોકરો, આશ્રિતો બનાવ્યા છે. ત્યારે તે વખતની કેળવણી માનવ જીવનમાં ચેતનાની ચિણગારી મુકતી હતી.

હિંદુસ્થાનના દલાલો, નોકરો અને યુરોપીય રીતે ઘડાઈ જતા ને રાજ્યનો ટેકો હોવાથી ખર્ચાળ આનંદ ભોગવી શકે છે. બાકીનાઓનો મરોજ છે. પેટની પડી છે, ત્યાં આનંદ કયાં કરે ? લોકો આળસુ છે, અને હતા એ પરદેશીઓનો આક્ષેપ અસહ્ય છે. હિંદુઓ આળસુ ન્હોતા, હમ્મેશના અંગત, ઘરના, કુટુંબના, પશુઓને લગતા, અને ધંધા રોજગારને લગતા જરૂરી કામો જાત મહેનતથી કરવામાં તેઓનો વખત જતો હતો. અને રાત્રે નિરાંતે ઘસઘસાટ ઉંઘતા હતા. છતાં ચકોર ઓછાં ન્હોતા. જો તેઓ ઉદ્યમી હતા તો હાલના જેવા સુધારા, યંત્રો અને શોધ ખોળમાં જીવનનો સમય કેમ ન વિતાડયો ? આ પ્રશ્ન કદાચ કાચા પોચા હાલના હિંદિ યુવકોને કંપાવે તેવો છે, છતાં નજીવો છે. કારણકે તે વખતના સમાજ નેતાઓ ચોક્કસ સમજતા હતા, કે બહુ ઉથલ પાથલ કરી જીવનને અકુદરતી બનાવવામાં મોટાં નુકશાનો છે, અને તેથી માનવ જીવન ભયમાં આવી પડશે, એવી ચોક્કસ ખાત્રી થવાથીજ દરેક બાબત નિયમિત, પરિમિત, અને મર્યાદિત રાખેલી ને તેમાંજ શ્રેય જોયેલું હતું. છતાં આગળ વધનાર માટે અવકાશ હતો. [1]યંત્રો ને બીજી અનેક જાતનાં વિજ્ઞાનનું જ્ઞાન હિંદીઓને હતું, એવા સેંકડો વર્ષ પહેલાના ઇતિહાસમાંથી પૂરાવા મળે છે.

જાત મહેનત કરવાથી શરીર કસાતું, વ્યવહારિક જ્ઞાન પોષાતું, ને ઉદ્યમમાં વખત જતો હતો. બાકીનો વખત, જીવનમાં બળ, અને રસ પ્રેરે, વિશુદ્ધ રાખે, અને આગળ વધવામાં મદદગાર થાય તે ખાતર આધ્યાત્મિક વિચારમાં અને તેના વર્તનમાં ગાળતા હતા.

સામાન્ય પ્રજા અધ્યાત્મમય જીવન ગાળે, તેમાં આગળ વધે, તેના ગહન

૧ પ્રત્યેક બુદ્ધ ચરિત્રમાં–એક રાજા પાસે એક લુહાર એક માછલી બનાવી લાવ્યો. તેમાં બન્ને દાખલ થયા. એક કળ દબાવવાથી માછલી આકાશમાં ઉડી. બીજી કળ દબાવવાથી તે સમુદ્રમાં પેઠી. એક કળ દબાવી એક નાની બારી ઉઘાડી, તેમાંથી બે હાથ કાઢીમોતીની છીપોનો ખોબો ભરી લીધો. પછી બારી બંધ કરી ત્રીજી કળ દબાવવાથી તે માછલી બહાર આવી અને જમીન પર ચાલી રાજધાનીમાં આવી. બન્ને બહાર નીકળ્યા. આવી કળાઓનું જ્ઞાન હિંદીઓને હતું પણ જીવનનો આધાર–મદાર યંત્રો પર ન બાંધવામાં આર્યોનું માનવી વિકાસના સિદ્ધાંતને અનુસારીને ડહાપણ હતું. પ્ર. બે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મહાત્માઓ.**

ભેદો સમજી શકે, તે ખાતર ત્યાગી મહાત્મા વર્ગની સર્વોત્તમ સગવડ હતી. પ્રજાનું ચારિત્ર અને નીતિ ઘડવાની સુંદર આ સિવાય બીજી કઈ સંસ્થા સર્વોત્તમ હોઈ શકે ?

તે વખતનો ત્યાગી વર્ગ પ્રજાનો આગેવાન વર્ગ હતો. તેઓનો પ્રજા પર અલ્પ બોજો હતો, છતાં પ્રજા પર ઉપકાર મહાન્ હતો. આ ત્યાગી વર્ગના આગેવાનો મહાત્માઓ હતા.

તે વખતના મહાત્માઓ ચારિત્ર બળથી જ જોઈએ તેવા આદર્શ હતા. ઘણે ભાગે મૌન રહેતા, એટલે શકિતનો દુર્વ્યય કરતા નહિ. ધ્યાન ધરતાં, એટલે નવી શકિત, નવો જુસ્સો, સત્ય–માર્ગોના ગહન ભેદોના ઉંડાણમાં અવતરણ, ને તત્વ શોધન સંપાદન કરતા હતા. અવિવેક અને નૈતિક શૈથિલ્ય અટકાવવા તપશ્ચર્યા આચરતા હતા. આ મહાત્માઓના ચારિત્રથીજ દિવાની, ફોજદારી અનેક ગુન્હાઓ અટકતા હતા. અને કાયદાઓની જાળ ગુંથવી ન્હોતી પડતી.

પ્રેમ, દયાર્દ્રતા ને પરોપકાર પરાયણતાનો જુસ્સો વિશુદ્ધ, નિઃસ્વાર્થ, ને વેગવંતો હતો, તેઓ કષ્ટમાં પણ મજાહ માણતા હતા, ને સુખ નજીવી વસ્તુ ગણતા હતા, અર્થાત્ ગમે તેવી બાહ્ય સ્થિતિમાં પણ કુદરતી સહજ આનંદ અનુભવતા હતા. પરોપકાર કરવામાં જીવન સર્વસ્વ કુરબાન કરવા જરાપણ પાછી પાની કરતા નહીં. મહાત્માઓની આ અસર પ્રજાજનોપર થતી હતી, તેથી તેઓ પણ કર્તવ્ય પરાયણજ રહેતા હતા.

હાલના આપણા ખુરશીપર પડયા પડયા, લાંબી લાંબી અપૂર્ણ અને ગુચવાડો ઉત્પન્ન કરે તેવી દલિલો અને વિવેચનોથી દેશહિતને સમાજ સુધારો કરનારાઓ પરાયા વિચાર ધનથી સમૃદ્ધ જણાતા શું વિશિષ્ઠ કરી શકે ? અત્યારે વ્યવસ્થાને બાને લાખો કરોડો રૂપિયાની ખર્ચાળ યોજનાઓ આપણે માથે લાદવામાં આવી છે. તેનો ખર્ચ પેટે પાટા બાંધીને પણ પુરો કરવો પડે છે. સુધારાના નામ નીચે આપણું મૂલોચ્છેદન થાય છે.

પ્રાચીન સમય એવો હતો છતાં અધઃપાતનું બીજ તે સમયે રોપાઈ ચુકયું હતું, જેને પરિણામે હાલની આપણી આ ગુંચવાડો ભરેલી નબળી સ્થિતિ ઉપસ્થિતિ થઈ છે, કેવા ક્રમથી આ નબળી સ્થિતિ આવી ? તે ઐતિહાસિક યુગનો અને તે પહેલાંનો હિંદુસ્થાનનો ઇતિહાસ જોવાથી સમજાય તેમ છે. આ વાતને સાંપ્રદાયિક શબ્દનો પણ ટેકો છે. એટલે વૈદિક હિંદુઓ કળીયુગ કહે છે. અને આપણે–જૈનો પાંચમો આરો શરૂ થયેલો માનીએ છીએ. એટલે ઉત્તરોત્તર મનુષ્યત્વની, રસકસની હાની સમજાવી. ધન, દોલત, માન, ચાંદો અને ખીતાબોથી સારી પ્રતિષ્ટા વિગેરેથી જન સમાજ આગળ વધતો જણાતો હશે. પરંતુ તે વધારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પલક દિવડા જેવો અસ્થાયિ છે, કારણકે તે અકુદરતી છે, ક્યારે બુઝાઈ જશે તેની આપણને માલુમ નથી. અથવા ધન અને ભોગ સામગ્રી વધવાથી મનુષ્યત્વ ખીલ્યું કહેવાય નહીં. યુરોપ વિગેરેના મૂળમાં પણ આજ કમનશીબ સ્થિતિ છે. બાકી બધો ઉપરનો ભપકો છે.

## પર્યુષણા.

તે સમયે જૈન મહાત્માઓ ઘણે ભાગે જંગલમાં વિચરતા હતા, ને તેવી

**જૈન મહાત્માઓ.**

ખાસ જરૂર જણાય તોજ ગામ કે શહેરમાં અમુક વખતજ સ્થાયિ રહેતા હતા.

દરેક નૈતિક ગુણો તેઓમાં સંપૂર્ણ ખીલેલાજ હતા, ઉપરાંત ન્યાયના સિદ્ધાંતો જીવનમાં જડવા, તેમાં પાવરધા થવા શૌર્યથી મથતા હતા. દયા નામનો ગુણ એટલે સૂધી ખીલ્યો હતો કે–શ્વાસ લેવા મુકવામાં કે શરીરને સ્હેજસાજ હલાવવાથી થતી હિંસામાંથી બચવા તેઓ તત્પર રહેતા હતા, કેટલી બધી સાવધાનતા ! દાંત કોતરવાની ઘાસની સળી સરખી તુચ્છમાં તુચ્છ વસ્તુ તે પણ કોઈના આપ્યા વિના ઉપયોગમાં લેતા નહીં. કંઈ પણ પોતાની પાસેની ચીજ ભોંયપર મુકવી હોય, તો તે જગ્યાના માલીકની પાસે માંગણી કરે, અને જો તે રજા આપે તોજ તે જગ્યાનો ઉપયોગ કરે. છેવટે માલીક હાજર ન હોય તો 'આ જગ્યા જેની હોય, તે મને વાપરવાની અનુજ્ઞા આપો' આ શબ્દોથી માનસિક માંગણી કરી ન છુટકે તેનો ઉપયોગ કરે. તટસ્થતા ખીલવવા–દેશનો ભેદ ભૂલવા માથું ઉઘાડું મૂંડાવેલું રાખતા હતા. દેશ દેશની નિશાની પાઘડી રાખતા નહીં. આવી મહાનુભાવ વ્યકિતઓ આ દેશમાં વિચરતી ફરતી હતી. એ મહાત્માઓને હૃદયમાં સ્થાપન કરી, અંતઃકરણથી હજાર વાર વંદન કરો. તેવા મહાપુરૂષોનું હૃદય નમતું હોય તોજ વંદન કરજો. હાલના ઉત્કૃષ્ટ જ્ઞાની, સારા કેળવાયેલા અને સદાચરણી જેને આપણે મહાન વ્યકિતઓ કહીએ છીએ તેવાયે તે મહાત્માઓને શિષ્યો હતા, એટલે મહાત્માઓની દૃષ્ટિએ તેઓ દરેક બાબતમાં ઘણાજ અધુરા સમજવા.

તેઓ ઘણે ભાગે જંગલમાં વિચરતા હતા, પરંતુ ચોમાસામાં–વર્ષાઋતુમ

**ચાતુર્માસ.**

જંગલમાં જંતુઓની ઉત્પત્તિ વિશેષ થાય, તેથી ઉપર પ્રમાણેની દયા પાળનાર મહાત્માઓથી તેવા સ્થાનમાં રહીજ કેમ શકાય ? જંગલમાં તેવી અનુકૂળતા ન હોવાને સબબે, ને વસ્તિવાળા સ્થાનમાં દયા પાળી શકવાની કેટલીક વિશેષ સગવડ હોવાથી વર્ષાઋતુમાં વસ્તિમાં રહેવાનું વધારે પસંદ કરતા હતા તેથી શાસ્ત્રાજ્ઞા પણ તેવીજ છે. આ કારણથી સમર્થ જ્ઞાનીપુરૂષો પોતાની પસંદગીથી, અને બીજાઓ સમર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાની પુરૂષોની સમ્મતિ અને પોતાની પસંદગીથી અમુક શહેર કે ગામમાં વર્ષાઋતુ ગાળવા વસ્તિમાં જતા હતા. અને ત્યાં અમુક વખત સૂધી સ્થિર રહેતા હતા.

જ્યાં ચાતુર્માસ રહેવા જતા હતા, ત્યાં પણ ચોક્કસ નહીંજ, પુછવામાં આવે કે "દયાળુ પ્રભુ ! હવે આપ અહીં ચાતુર્માસ રહ્યાને ?" "; મહાનુભાવ બે ચાર દિવસ છીએ" એટલોજ જવાબ મળતો હતો.

આધ્યાત્મિક જીવન જીવનાર, ઓછી પ્રવૃત્તિવાળા–ચોમાસામાં તો તદ્દન નવરાશવાળા ( હિંદુસ્થાનના ધંધારોજગાર, યુદ્ધ, મુસાફરી: વિગેરે ચોમાસામાં ઘણે ભાગે બંધ જેવા–ઘણાજ મંદ ચાલતા હતા તાર, ટપાલ અને રેલ્વે વિગેરે યંત્રોના સહવાસથી ધંધાનો આધાર તેની ઉપર રહેવાથી બારેમાસ નિયમિત ધંધો ચલાવવો પડે છે. એટલે માણસો પણ શકિતનું ઝરણ મટીને નિયમિત–ચોવીસે કલાક–બારેમાસ યંત્રિત થયેલું યંત્ર બની ગયેલ છે. ) ભકત પ્રજાજનો આવા તરણ તારણ મહાત્માઓ પ્રત્યે સંપૂર્ણ આકર્ષાતા હતા. પોતાના ગામમાં કે શહેરમાં જેમ વધારે વખત રહે તેમ ઇચ્છતા હતા. તે ખાતર સર્વસ્વનો ત્યાગ કરવો પડે તેમાં પણ પાછી પાની કરે તેવા ન્હોતા. હું ધારૂં છું કે હાલ પણ જો તેવા મહાત્મા આપણને મળી જાય, તો આપણે પણ તેમ કરીએ કે કેમ ?

ભકતો આટલા બધા આતુર છતાં નિ:સ્પૃહ મુનિઓ સ્થિરતા જાહેર કરતા નહીં, પરંતુ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું ફરમાન છે કે–" કાર્તકી–ચોમાસી ચૌદશ ( પૂનમ ) આડા ૭૦ દિવસ બાકી રહે, તે દિવસે ચોક્કસ રહેવાનો પોતાનો નિર્ણય કરવો, અને તે જાહેર કરવો. "

આ ફરમાનથી પ્રજાજનો આશા રાખતા હતા કે–૭૦ દિવસ બાકી રહેશે ત્યારે આપણને પોતાનો ચોક્કસ નિર્ણય જણાવશેજ. નિર્ણય જણાવ્યા પછી આપણે નિશ્ચિંત થઇશું. તેથી તે નિર્ણય જણાવવાના દિવસની ઉત્સુકતાથી રાહ જોઇ રહેતા હતા. ( હાલનો શ્રાવક વર્ગ પણ પર્યુષણા પછી નિશ્ચિંત થાય છે, અને ઉપાશ્રયમાં જવા આવવાનું ઓછુંજ રાખે છે. કેમકે હવે મુનિઓ જવાના નથીજ પરંતુ જે લાભ ખાતર રોકવામાં આવતા હતા તે લાભ લેવાનું દૂર રહ્યું, સામાન્યત: પણ ઘણાજ ઓછા ઉપાશ્રયમાં આવે છે. પર્યુષણા પ્હેલા જેવો જુસ્સો હોય છે, તેમાંનું પાછળથી કંઇજ નહીં.)

અહા ! જે દિવસે તે નિર્ણય જાહેર કરવાનો હોય, તે દિવસ તે વખતના પ્રજાજનો માટે કેટલો ઉત્સવમય, આનંદમય, શાન્તિમય, ઉત્સુકતામય હોવો જોઇએ ? તેની કલ્પના વાંચક મહાશયો હવે કરીજ શકશે.

આ નિર્ણય કરવાના દિવસને હજુ એક માસ બાકી હોય ત્યારથી પ્રજાજનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મહિનાનું ધર માસધુર.** ઉત્સવ શરૂ કરતા હતા. જે દિવસે નિર્ણય જાહેર કરવાનો હોય, કેટલેક અંશે તે દિવસના જેવાંજ ઉત્સવો અને અનુષ્ઠાનો શરૂ કરતા હતા. જેઓની શકિત ઓછી હોય તે ઓચ્છામાં ઓછું એક દિવસ તો તે પ્રમાણે વર્તેજ. આ દિવસનું નામ "માસધુર" "મહીનાનું ધર" એટલે એક મહિનો અગાઉથી, એવો અર્થ થાય છે.

**પંદર દીવસનું ધર પક્ષધુર.** તેવીજ રીતે પંદર દિવસનું ઘર–એક પખવાડીઉં અગાઉથી.

**અઠ્ઠાઇ ધર આષ્ટાન્હિક ધુર.** આઠ દિવસ અગાઉથી એવો અર્થ થાય છે.

**તેલાધર ત્રિદિન ધુર.** એટલે ત્રણ દિવસ અગાઉથી આ પર્વ ઉજવવું એવો અર્થ થાય છે.

## ભાદરવા શુદ ૫ પર્યુષણા તથા સાંવત્સરિક પર્વ છે.

**સંવચ્છરી.** હવે આપણે પર્યુષણા શબ્દનો અર્થ અને તેનો વિસ્તૃત ભાવ–અર્થ પણ સમજી શકીશું पर्युषणा શબ્દ નીચે પ્રમાણે વ્યાકરણના નિયમોથી સિદ્ધ થાય છે.

परि ( ઉપસર્ગ ) + वस् ( ધાતુ ) = રહેવું. + कालिक–आधारे अनट् ( પ્રત્યયઃ ), वस् ના व નો उ થાય છે, व પછીનો अ ઉડી જાય છે. स् નો ष् થાય છે. એટલે परि+उष्+अन, હવે परि ના इ નો य् થાય છે, એટલે पर्युष्+अन=पर्युषन, ष પછી न આવે તો તેનો સામાન્ય નિયમથી ण થાય છે.– पर्युषण, "शंसि प्रत्ययात्" એ નિયમથી, સ્ત્રીલિંગ કૃદંતનો अ પ્રત્યય લાગે છે. પછી સ્ત્રી પ્રત્યયનો आ લાગી ( સંસ્કૃત ) पर्युषणा શબ્દ સિદ્ધ થયો. पज्जोसणा ( પ્રાકૃત ) **પજુસણ** (ગુજરાતી) परिवसन्ति यस्मिन् काले निश्चयेन मुनयः, सा पर्युषणा–જે વખતે મુનિયો ચોક્કસ રૂપે રહે, તે દિવસો પર્યુષણા કહેવાય, એવો શબ્દાર્થ નીકળે છે.

રહેવાના નિર્ણયનો દિવસ તે **પર્યુષણા**. તેવીજ રીતે બીજા ૬૯ દિવસો પણ **પર્યુષણા** કહેવાય, કેમકે તે દિવસોમાં પણ ચોક્કસ રૂપે રહેવાનું છેજ તો ? પરંતુ પહેલો દિવસ તેજ પર્વ–તહેવાર તરીકે ગણાય.

[1] હવે દર **સંવત્સરે**=વર્ષે ( સંવત્સર=વર્ષ ) એકવાર એ દિવસ આવતો હોવાથી, **સાંવત્સરિક પર્યુષણા પર્વ=વાર્ષિક પર્યુષણા પર્વ=સંવચ્છરી પજુસણ પરવ.** આ દિવસ તે વખતના પ્રજાજનો માટે કેટલો ઉત્સવનો હશે ?

૧ આ દિવસના બે હેતુ છે, ને નામ પણ બે છે. એક પર્યુષણા, અને બીજું નામ વાર્ષિક પર્વ. તેનું નામ પર્યુષણા ( નો પહેલો દિવસ ) કેવી રીતે ? તે તો ઉપર સમજ્યા. પણ વાર્ષિક પર્વ કેવીરીતે તે સમજાતું નથી. તેમજ તેનો ખુલાસો કયાંય સાંભળવામાં કે વાંચવામાં કે પ્રશ્નોત્તરથી જાણવામાં આવ્યો નથી. શું તે દિવસે ( ભાદરવા શુદી. ૫ મે ) અગાઉ નવું વર્ષ શરૂ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સાંવત્સરિક પર્વ ને પર્યુષણા કેવી રીતે ઉજવવામાં આવતા હતા, ને હાલ કેવી રીતે ઉજવાય છે ? તેનો સામટો વિચાર કરતાં કેટલીક બીજી બાબતોની પણ આપણને સમજ પડશે.

જે મનુષ્ય વિશેષ ન કરી શકે તેમ હોય તે ૭૦ દિવસોમાંના પહેલેજ દિવસે સાંવત્સરિક પર્વને પર્યુષણાને દિવસે ઉપવાસ અને બીજા અનુષ્ઠાનો કરતા હતા.

જેમાં વધારે શકિત હોય તે ત્રણ દિવસ અગાઉથી=તેલાધરને દિવસથી ઉપવાસ કરે=અઠ્ઠમ કરતા હતા–( ત્રણ ઉપવાસ ) અને એ ત્રણે દિવસ બીજા પણ અનુષ્ઠાનો કરતા હતા, અઠ્ઠમ એ મધ્યમ તપ છે, અને આવા મહત્વના દિવસે તે વધારે ઉચિત છે.

જેમાં તેથી પણ વધારે શકિત હોય તે આઠ દિવસ પહેલેથી અઠ્ઠાઇધરને દિવસેથી ઉપવાસ–અઠ્ઠાઇ ( આઠ ઉપવાસ ) અને બીજા અનુષ્ઠાનો શરૂ કરતા હતા. [ જૈન દર્શનમાં સામાન્ય રીતે પર્વના ઉત્સવના દિવસો એક અઠવાડીઆના હોય છે. તેથી અઠ્ઠાઇધરથી આઠ દિવસ સુધી પર્યુષણાને સાંવત્સરિક પર્વનો ઉત્સવ કરવામાં આવે છે. ( આષ્ટાહ્નિક–અઠ્ઠાઇ ) ( ચાલુ )

# " વર્તમાન યુગે નૉવેલોનું સ્થાન. "

પ્રાચીન યુગમાં જ્યારે જ્યારે માનુષીજીવનમાં ધર્મ તત્વોનો સંચાર કરવાને પૂરતી જરૂરી જણાઇ ત્યારે ત્યારે તે તત્ત્વોના **સૂક્ષ્મસૂત્રો** વિશ્વમાં આપ્ત ગ્રન્થોરૂપે ગોઠવાયા. ક્રમે માનુષી પ્રવૃત્તિ વ્યવસાયમય થતાં તે સૂત્રો સમજવાની કાળજી ઓછી થવા લાગી એટલે પૂર્વ મહર્ષીઓએ તે તત્વોના સંમિશ્રણવાળા કથાનક ગ્રન્થો રચી ધર્મતત્વને વિશ્વમાં ફેલાવવા અવિશ્રાન્ત પ્રયત્ન કર્યો–કિન્તુ કથાનક ગ્રન્થોનું સ્થાન હાલમાં **નોવેલોએ** લીધું હોય તેમ દૃષ્ટિગોચર થાય છે. માત્ર વિકૃતિ એટલીજ થઇ છે કે–જ્યારે પ્રાચીન કળાની કૃતિમાં **રાજારાણી**ની વાતોઓથી, જગતને **સુબોધ નીતિપાઠ** મળતાં હતા. ત્યારે, તેના સ્થાનને શોભાવવાનો ડોળ કરનારો નોવેલોમાંથી, વિષય યુકત કાદમ્બરીઓ ચીતરાયેલી હોય છે. જેમાં આશુક માશુકને પરસ્પર આકર્ષી અન્યોઅન્યમાં **પ્રેમરસ** પ્રગટાવી જુદા પાડે છે. અને અન્તે તેઓની પાસે મહા સંકટ પસાર કરાવીને વિચિત્ર સંયોગોમાં દંપતિરૂપે મેળાપ કરાવે છે. આવી રીતે પાત્રોને નોવેલના નાયક, નાયિકા, ગણી સંપૂર્ણ **કલ્પના વ્યવહારનો ઓપ** ચડાવીને આધુનિક નોવેલો બનાવવામાં

થતું હશે ? અને બીજો કોઇ દિવસ પર્યુષણા તરીકે ન ઠરાવતા આ મોટા દિવસને પર્યુષણા તરીકે ઠરાવવું ઉચિત લાગ્યું હશે અને અગાઉના ૫૦ દિવસને છેલ્લા ૭૦ દિવસ પર્યુષણાના આમ આ વાર્ષિક તહેવારને લીધે બે ભાગ પડી ગયા હોય, પરંતુ નવું વર્ષ શરૂ થતું હશે પણ તે ક્યારે એવો પ્રચાર હશે તે જણાતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. આવી નોવેલોનાં વાંચનથી બાળકોનાં કુમળા મગજમાં વિષય વિકારે એવું સ્થાન લીધું છે કે–જેથી ભવિષ્યમાં પોતાની સાદી જીંદગીમાં આરોગ્યતાનું સુખ ચાખનારા બાળકો અલ્પ સંખ્યામાં માલુમ પડે છે. આમ સુખરૂપ જીન્દગી બનાવવાની અભિલાષાને આ આધુનિક નોવેલોનું સ્થાન દોષભૂત નથી તે કેમ ન માની શકીએ ?

હવે આ પદ્ધત્તિને અનુસરવું અયોગ્ય છે, એમ સમજવાં છતાં કેટલાક સાક્ષર તરીકે મનાતા નોવેલ કથાકાર **વિદ્વાનો** ઐતિહાસિક બીનામાં તે પદ્ધત્તિનો સંસ્કાર કરે છે. અર્થાત્ આ નવલકથાઓમાં પરભાષાની રસિક નોવેલોના આદર્શ વિભાગો લઈ ભૂતકાળના મહત્વશાલી પાત્રોને તેમાં ગુન્થી અલંકારિક ભાષામાં મોહકતા દેખાડે છે, પરન્તુ આ રીતે અનુસરવામાં ખાસ તેઓ અમુક ભૂલને તો પોષ્યાજ કરે છે. અને ઐતિહાસિક પાત્રોને કાલ્પનિક કથામાં પ્રવેશ કરાવીને સત્યાસત્યની દરકાર બહુજ વેગળી મુકાતી જાય છે.

કેટલાક નવલકથાકાર મહાશયો ગુજરાતના ઇતિહાસમાં જૈનમંત્રીઓનું સત્ય સ્વરૂપ ચીતરવાનો પ્રસંગ આવતાં અણઘટતી કલ્પનાઓનો અધિકાંશે પ્રયોગ કરે છે. પણ તેઓએ તીક્ષ્ણ બુદ્ધિથી ઇતિહાસમાં પ્રવેશ કરીને અવલોકવું જોઈએ કે, **વનરાજ ચાવડાથી** વાઘેલા **વીરધવલ** સુધીની" વંશાવળીના રાજાઓએ જે સામ્રાજ્ય તપાવ્યું–ચલાવ્યું છે. તે માટેનું માન કયા કયા મંત્રીઓને ઘટે છે. અને તે મંત્રીઓ કયા કયા ધર્મના હતા ? આ દરેકનું વિવેચન પ્રસંગે જનતા સમક્ષ મુકાશે પરંતુ અત્યારે તો માત્ર–" **ચાંપરાજ, વિમલમંત્રી, મુંજાલ, ઉદાયન,** અને **વસ્તુપાળ,** વિગેરેનાં નામ માત્રથી સર્વ કોઈ સમજી શકશે કે માત્ર ગુજરાતની રાજ્યસત્તાને પ્રબલ રીતે ટકાવનાર કોઇ હોય તો તે ગુજરાતના " **વણીક મંત્રીઓજ હતા** " અને તે વાણીયાના હાથમાંથી ગુજરાતની લગામ **સરી** પડતાંજ " **હિન્દુસ્તાનનું** અધઃપતન, દેશની ઉથલ પાથલ, અને ઐતિહાસિક કલંકિત પ્રસંગો ઉપસ્થિત થયા છે. " ઐતિહાસિક બાબતોનો પ્રકાશ ગુજરાતમાં ફેલાવવા માટે **ઠક્કર નારાયણજી વિસનજીએ** સારો પરિશ્રમ લીધો છે. પરંતુ તેની અમુક ગ્રન્થ ચીતરનારી કલમ તો તેની કેટલેક સ્થળે ઝેરથી ઓતપ્રોત છે. આગળ વધીને કહું તો " તેઓનાં અમુક પુસ્તકો તો સુશીલ સ્ત્રીઓ કે હિન્દના કોમળ બાલરત્નોએ હાથમાંજ ન લેવા જોઈએ."

ઉપરાન્ત છેલ્લાં વર્ષોમાં **રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુન્શી** પણ નવલકથાકાર તરીકે સારો શ્રમ વેઠી રહ્યા છે. તેમણે પરભાષાનું મન્થન કરવામાં અત્યન્ત પ્રયત્ન કરેલ છે. તેમણે બહાર પાડેલી લોકપ્રિય નોવેલો તપાસશું તો તેથી ખુલ્લુ માલૂમ પડશે કે તેમની " **વેરની વસુલાત** " માં " **કાઉન્ટ ઓફ મોન્ટે ક્રીસ્ટો** " નું અનુકરણ છે. " **પાટણની પ્રભુતામાં** " " **થ્રીમસ્કે-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**થીઅર્સ** " ની શૈલી સંપાદન કરેલ છે. અને " **ગુજરાતના નાથમાં** " " Twenty years after " ના વિચારની પ્રતિભા છે. કેટલાક વાંચકો તો " **વેરની વસુલાત** " માં " **સરસ્વતીચંદ્ર** " વાંચનાર તેની કેટલીક સંકલના માટે આશંકા કરે છે, માત્ર તેમાં એટલોજ તફાવત કહે છે કે-જ્યારે " સરસ્વતીચંદ્ર " નો અન્તિમ ભાગ વૈરાગ્યમય છે, ત્યારે **વેરની વસુલાત** માં વેરનો બદલો વાળવામાં રોકાયેલ છે. તો પણ એકંદરે તેની વિવેચનશૈલી લોકપ્રિયતા પામે તેવી છે પણ " ગુજરાતના ઇતિહાસમાં વિશ્વવિખ્યાત સુપ્રસિદ્ધ પાત્રો શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય તથા આમ્રભટ્ટને પોતાના **ગુજરાત** નામના માસિકની ચાલુવાર્તા " **રાજાધિરાજ** " માં લખવા મુજબ કથા કાલ્પનિક હોય છતાં ઐતિહાસિક પાત્રોનો સંબન્ધ બેસાડી તેમના સચ્ચારિત્રને અતિ અયોગ્ય વિચારમાં વિષયયુક્ત પુરાવા વિનાની કલમે " **જૈનસમાજ** " ની લાગણીને દુઃખ ઉત્પન્ન કરાવ્યું છે. અને ઇતિહાસ શોભાવનારા પવિત્ર પુરૂષોમાં માનસિક અપવિત્રતા દેખાડવાની કળા કોતરી રહ્યા છે.

**રા. મુન્સી** જેવા ઇતિહાસનું મન્થન કરનારા, તેમજ જુદા જુદા ધર્મના સાહિત્યનો પ્રકાશ કરનાર જ્યારે અમુક ધાર્મિક ફીરકાની લાગણીને દુઃખાર્ત્ત લખાણો લખે ત્યારે તેનો જવાબ તે ફીરકો શું ન માગી શકે ? અમોને જરૂર રા. રા. મુનસી જેવા ચુનંદા લેખકો માટે ઘણું માન છે. અમો તેમના સુપ્રસિદ્ધ પુસ્તકોના પરિચયમાં સારી પેઠે આવ્યા છીએ, પણ તેમની સુપ્રસિદ્ધ લેખન શૈલીનો પરિચય દુઃખ ઉત્પન્ન કરનારો હોઇ અમારે આ લેખમાં થોડી જગ્યા રોકવાની જરૂર પડે છે. જો કે અમારે અત્રે લખવાની હવે અગત્યતા રહેતી નથી; કારણકે **રતિપતિરામ પંડયા, ઠ. ના. વિ. મુનિ જ્ઞાન વિ. મુનિ ન્યાય વિ.** આત્માનંદ સભાના સેક્રેટરી **રા. રા. વલ્લભદાસ ત્રિભોવનદાસ** ગાંધી વિગેરેએ સત્ય બીનાને બહાર લાવવા વધતા ઓછા પ્રમાણમાં જે જે પ્રયત્ન કરેલ છે, તે ઉપરથી એટલું તો સમજાઈ આવે છે કે, હરકોઈ વ્યક્તિ પોતાની એક દોર ઉપર જગતને બચાવવા ધારે તે મીથ્યા છે.

વળી " મુનસીના " **મિત્રમંડળ** તરફથી નીકળતું " **ગુજરાત** " પત્ર તેની ભાવનાને પોષવાનું, સાધન ભૂત વાજીંત્ર થઇ રહેલ છે. તેમાં ભલે પોતાને સંમત કે ભ્રાતૃભાવવાળા લેખો લેતાં હોય, પણ તે સિવાયના બીજા લેખો લેવાનો પ્રસંગ ઉપસ્થિત થતાં તદ્દન **નકાર** પરખાવે છે. આ પ્રમાણે હોવાં છતાં કેટલાક ધર્મપ્રિય સત્યપ્રેમી વ્યક્તિઓ સાહિત્ય સંસદના સભ્ય થવાથી કેમ પોતાની જોખમદારીને ભૂલી ગયા છે ? તે આશ્ચર્ય યુક્ત છે. સત્ય પાત્રોમાં કલ્પિત ભાવ ઠસાવવામાં " રા. રા. મુનસી " એ જે વકીલાત વહોરી છે, તેનો ખુલાસો પુરાવા સહિત મુનસી કરે અથવા પોતાની માન્યતા સાચીજ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ સાબીત કરી આપે તે જરૂરી છે. પરંતુ તેમ કરવામાં ધર્માંધતા, અકલાપ્રિયતા, કે ઈતીહાસની અનભિજ્ઞતા કે આધુનિક યુગની અપીછાણના વિશેષણો ન આવવા જોઈએ, કદાચ પોતાની વાત તદ્દન કલ્પિત હોવાનો દાવો કરતા હોય તો પોતે કલ્પના નોવેલ રચવામાં શા માટે ઐતિહાસિક પાત્રો ગોઠવે છે ? " વેરની વસુલાત " ની પેઠે નવીન પાત્રો કલ્પી ગમે તે ભાષાના વિચારો ઉધ્ધૃત કરી તદ્દન નવીન ગ્રંથ બહાર પાડયો હોત તો શું સાહિત્ય રસિકોને કે જૈન સમાજને રા. રા. મુનશીની ભૂલો પ્રત્યે દૃષ્ટિક્ષેપ કરવાની જરૂર પડત ? અને તેઓ આબાદ રીતે નવલ કથાકારની ઉપમાને ન દીપાવી શકત ? તેથી સમજી શકાય છે કે, ગમે તે ભાવનાથી રા. રા. મુનસીએ સમકાલીન ઐતિહાસિક નામોનો સમાવેશ કરેલ છે.

આધુનિક ગુજરાતના ઇતિહાસને મજબુત રીતે ટકાવનાર **"જૈન ગ્રન્થો"** છે. **જૈન મુનિઓ** ના કરેલા ગ્રન્થો બાદ કરાએ તો ગુજરાતના ઐતિહાસિક સાધનો તદ્દન અલભ્ય છે. તેથીજ દરેક **સાક્ષરો** ઇતિહાસને લખવામાં " **જૈન ગ્રંથોનોજ આધાર લે છે;** " જ્યારે રા. રા. મુનસી જૈન ગ્રંથો ઉપરથી બધી બીના લેવા છતાં પણ જૈન ઇતિહાસને ખોટો ઠરાવવા મથે છે; ન માલુમ શું કારણ મળ્યું હશે કે તેમને આ પ્રમાણે અન્યથા પ્રયત્નમાં કાલ વ્યય કરવો પડે છે ?

આ ઉપરથી સમજી શકાય છે કે, ઐતિહાસિક સત્યને બાજુ પર રાખી તેમના પાત્રો સાથે કલ્પિત સંબંધો બંધ બેસતાં કરીને કંઈ લખવું તેના કરતાં સ્વમતિથી કલ્પિત ઘટનાઓ ચીતરવી એ વધારે હિતાવહ છે. આ લેખથી વાંચકોએ એમ ન માનવું કે, ' હું ' ઐતિહાસિક ભાગને નવલકથામાં ઉતારવા અસંમત છું, પણ હું એમ માનું છું કે, સત્ય બીનાને ચાલુ પદ્ધતિથી લખવી હોય ત્યારે તે કાર્યનો ભાર યોગ્ય **અનુભવી પુરૂષે** ઉઠાવી લેવો જોઇએ.

અત્યારે જે ગ્રંથો હિંદના હૃદય પ્રેમી બન્યાછે, તેનું કારણ માત્ર તે ગ્રંથોજ નથી, પણ તે ગ્રંથ કર્તાની સમચારિત્રની ઉર્મિઓ છે, અને તેથીજ " **આચારંગ, વેદ, મહાભારત, રામાયણ, ધર્મબિંદુ, કબીરવાણી** " વગેરે ગ્રંથો ઘેર ઘેર પૂજાય છે.

એટલે ચિત્ત, સંયમ, નિઃસ્પૃહતા સ્વભાવ, સત્યવચન ઈત્યાદિ ગુણો જેમાં ખીલેલાં હોય, એવો પુરૂષ જગતનું સત્ય બહાર લાવવા પ્રયત્ન કરે તોજ તે સફળતા પામી શકે વા ઠીક ગણી શકાય.

બાકી જેમાં એક તરફી વલણ આત્મિક બાધા ઇત્યાદિ કોઈ અધિકતા હોય એવો કોઈ મનુષ્ય નવીનતા દેખાડવામાં પોતાની હાર્દભાવનાના સંસર્ગે ઉચ્ચ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાત્રોને હલકા તરીકે ચીતરવાની ભુલ કરી મુકે છે. “ નિર્દોષ પાત્રને પ્રપંચી બનાવી કાઢે છે.” પરંતુ તેજ કાર્ય કરવામાં ઉત્તમ પુરૂષ સદોષ પાત્રમાંથી પણ ગુણ અવગુણની તારવણી કરી ગુણ ગ્રાહકતાને અવલંબે છે.

શું આ દશા આવ્યા વિના લેખકની હુંફમાં જેમ આવે તેમ લખવા ગાંડવું, તે ઉચિત છે ?

માટે સાક્ષરોને અંતિમ સૂચન એટલુંજ કરવાનું કે “ ઉપલબ્ધ થતાં ઐતહાસિક સાધનોથી એક એવો ઇતિહાસ તૈયાર કરવાની જરૂર છે કે જેમાં ઉપલબ્ધ થતી દરેક બીના પુરાવા સહિત વર્ણવી હોય. ” આ પ્રમાણે બનવાથી કેટલાક સાક્ષરો અમુક પૂરાવાના અભાવે સત્ય બીના પ્રકટ કરવામાં જે ગોટાળો કરી મૂકે છે તે તેમ કરતાં અચકાશે.

ધ્રાંગધ્રા, } લે૦ મુનિ—દર્શનવિજય.

# ઐતિહાસિક જૈન સાહિત્ય.

( ગતાંક પૃષ્ટ ૪૬ થી શરૂ )

વિમલકુમારને સત્ય પ્રતિજ્ઞાશાળી અને યુદ્ધ કુશળ દેખી રાજાએ સેનાનાયક બનાવ્યો, છતાં કાયમને માટે તે મંત્રીપદનો અધિકારી જણાતો હતો. રાજા ભીમદેવ વિમલકુમાર ઉપર સંતુષ્ટ થયેલો હોવાથી તેની સલાહ ઘણાજ આદરથી સ્વિકારતો હતો. જેથી દુર્જન પુરૂષ તો રાજાના કાનમાં વિરૂદ્ધ મંત્ર કુંકયાજ કરતા હતા.

એક દિવસ કોઈ દેવીના મંદિરમાં યજ્ઞ થતો હતો, તેમાં પાંચ બકરા પણ ત્યાં મંગાવેલા હતા, તેના પ્રાણ નષ્ટ થયા પહેલાં તેના સદ્ભાગ્યે વિમલકુમાર તે દેવીના મંદીરમાં આવી પહોંચ્યા અને તેની દયા હૃદયમાં આવવાથી તેના પ્રાણ બચાવવા તે મંદીરના બ્રાહ્મણ અને પૂજારીઓને સમજાવીને અને ન સમજ્યા તેને જરા ધમકી અપીને તે બકરાઓને છોડાવ્યા.

બીજે દિવસે બ્રાહ્મણમંત્રી, રાજગુરૂ પંડિત અને તેના લાગતા વળગતા લોકો મળી કચેરીમાં આવ્યા અને તેના મુખ્ય તરીકે દામોદર મંત્રી જે વિમળકુમારનો વિરોધી હતો તેણે આગલી પાછલી વાતો કરી રાજાને ઠસાવ્યું કે, વિમળકુમાર અમારા ધર્મનું અપમાન કરે છે અને સિંધુરાજને જીત્યા પછી આખી સેનાને પોતાને વશ કરી છે જેથી સેના પણ તેની આજ્ઞામાં છે. રાજા તો નામમાત્ર છે. આ કપટી મંડળની વાકચાતુરીથી રાજા ક્રોધાતુર થયો અને કહ્યું કે વિમલ બહુજ ઉદ્ધત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ ગયો છે અને તેથી ભવિષ્યમાં રાજ્ય રક્ષાનો ભય પણ મને રહે છે, જેથી તેને પ્રાણમુક્ત કરવાની મારી ઈચ્છા છે જેથી તે માટે શું કરવું તે તમોને જણાવું છું.

જુનાગઢના પહાડમાંથી પકડેલા કેસરીસિંહને પીંજરામાંથી છોડી મુકવો અને શહેરમાં એવી વાત ચલાવવી કે જ્યાંસુધી તે કોઈને નુકસાન ન કરે તે પહેલાં વિમળકુમારને પકડવાની આજ્ઞા કરવી, જેથી તે વગર મોતે મરી જશે અને કદાચ તેમાંથી બચી જાય તો મહા બળવાન આપણા મલ્લની સાથે કુસ્તી કરાવવી, જેથી તે મલ્લ તેના હાડકાના ચૂરા કરી નાંખશે. કદાચ માનો કે તેમાંથી પણ બચી જાય તો તેના પૂર્વજો પાસે ૬૫ ક્રોડ ટંક ( ટકા ) રાજ્યના લેણા છે તેનો આરોપ મૂકી તેને પકડી કેદ કરવો અને તેના ઘરબાર લૂંટી લેવા. એમ કહી પછી કેસરીસિંહને પીજરામાંથી છોડી મૂકયો અને રાજાની આજ્ઞાથી એક બકરાની માફક વિમલકુમારે તેને પકડી લીધો, અને જે મલ્લને રાજા બલિષ્ઠ સમજતો હતો તેને સભા સમક્ષ વિમળકુમારે એવો પછાડયો કે તે મુશ્કેલીથી પોતાને જીવ લઇ છુટયો.

૬૫ કરોડ ટંક લેવા વિમલકુમારને કેદ કરવા હુકમ થતાં વિમલકુમારે પોતાની નિર્દોષતા જાહેર કરી રાજાની સામે પ્રતિજ્ઞા કરી કે, મહારાજા ભીમદેવ મારા સ્વામી છે તો તે સિંહાસન ઉપરથી ઉઠી નિષ્પ્રયોજન ગમેતેમ કરે તો પણ જીવતાં સુધી તેની સામે આંખ ઉંચી નહીં કરૂં, પરંતુ કોઈ બીજો વીર માની જો મને કેદ કરવાની શકિત ધરાવતો હોય તો તેણે વિચાર કરી મારી સામે આવવું, કારણ કે મારી તલવાર ભલભલાની ગરદન ધરતીપર પાડી પછી શાંત થશે; કારણ કે સત્યની રક્ષા તો દેવતા પણ કરે છે. આ પ્રતિજ્ઞા સાંભળી રાજાના મામા સંગ્રામસિંહ દંડનાયક તે તરત વિરોધી થયો; એટલુંજ નહીં પરંતુ વિમલકુમારની રાજ્યભકિત, સત્યતા, વીરતાથી ગણ્યા ગાંઠયાં માણસો સિવાય આખું રાજયમંડળ પ્રજા વર્ગ સાથે રાજાથી વિરૂદ્ધ થઇ ગયું. અને છેવટ રાજાની આજ્ઞાને માન આપી વિમળકુમારને પાટણ છોડી ચંદ્રાવતી જવું પડયું.

આ અરસામાં ચંદ્રાવતી નગરનો પરમાર વંશીય રાજા ધંધુકરાજ રાજ્ય કરતો હતો. વિમળ પાટણથી રવાના થયો ત્યારે તેની સાથે તેનું સૈન્ય પણ મૌજુદ હતું, જેથી પરમાર રાજને વિમળકુમારે સમાચાર કહેવરાવ્યા કે તમે ગુર્જરપતિની આજ્ઞા ઉઠાવો અન્યથા મારી સાથે યુદ્ધ કરો. તે પ્રમાણે નહીં માનવાથી વિમળકુમારે તેની સાથે લડાઇ કરી જીતી પોતાના સ્વામી ભીમદેવની જય ધ્વજા ચડાવા અને ધંધુકરાજ વિમળકુમારના પગમાં પડી તેને સ્વામી માની તેની સત્તામાં રહેવા લાગ્યો. તે અરસામાં પાટણના જૈન સંઘે એકત્ર થઇ ઠરાવ કર્યો કે ધાર્મિક ઈર્ષાના કારણે બ્રાહ્મણોના અસત્ય ભાષણ સાંભળી રાજાએ અન્યાય કર્યો છે, જેથી આપણે રાજાને જણાવવું અને પોતાની ભૂલનો સ્વિકાર કરી વિમળકુમારને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્દોષ ઠરાવીને પાછા બોલાવે તો ઠીક, નહીં તો આપણે સર્વએ પાટણ છોડી ચંદ્રાવતી નગરમાં ચાલ્યા જવું.

રાજા ભીમદેવની પાસે એક ઉત્તમ રાજપુત્ર રહેતો હતો, તેને આ ગુર્જર પતિના હાથથી સામન્તનું પદ મલ્યુ હતું. જેથી રાજા પોતાના અંગત કાર્યોમાં તેમને પુછતો અને પ્રમાણિકપણે ખરી સલાહ તે આપતો જેથી તે પોતાને પ્રતિષ્ઠાપાત્ર રાજ માન્ય ગણતો.

દામોદરમંત્રીને એક મેના નામની યુવાન કન્યા હતી. તે સામન્તે કોઈ વાર તે કન્યા જોઇ તેથી તેના સર્વાંગરૂપ ઉપર મોહીત થયો, જેથી દામોદરમંત્રીને ત્યાં તે અવારનવાર જતો હતો. અને વિમલ કુમારની વિરૂદ્ધની વાતમાં હામાંહા મેલવતો હતો. છતાં દામોદરમંત્રીની અંતરંગ ઈચ્છા તે પોતાની કન્યા રાજા ભીમદેવ તેને જોઇ યાચના કરે તો મારો ગાઢ સંબંધ થાય અને તેથી પ્રતિપક્ષીઓ વિમળકુમાર વગેરેને દુનીયાથી પાર કરી શકું. આવો વિચાર દામોદરમંત્રીનો જયારે સામન્તના જાણવામાં આવ્યો ત્યારથીજ દામોદરમંત્રી સાથેનો સંબંધ પુરો થયો અને દામોદરમંત્રીને તિરસ્કારની દૃષ્ટિથી જોવા લાગ્યો.

ત્યારબાદ કેટલોક વખત ગયા બાદ એક વખત સામન્તને રાજાની સાથે કાંઈ ખાનગીમાં વાતચીત થઈ તેમાં દામોદર મંત્રીની કુટિલતાનો રાજાને એવો અનુભવ કરાવ્યો કે, તત્કાળ રાજાની દામોદરમંત્રી ઉપર અપ્રીતિ થઈ ગઈ. વિમળકુમાર જેવા એક વીરરત્નને ખરેખર ગુમાવ્યો છે જે દીલગીર થવા જેવું છે એવું સાંભળી રાજાને પણ અતિ ખેદ થયો. અને સામન્તને પુછયું હવે તે મારે શું કરવું ? સામન્તે કહ્યું. મહારાજા ! આપે તે બહુ સાહસ કર્યું છે. જેથી રાજાએ કહ્યું, હવે શું કરવું અને વિમલકુમારને પાટણની પ્રજા સાથે હવે મારે કેવી રીતે વર્તવું ?

સામન્તે કહ્યું. મહારાજા, વિમલકુમારને માટેજ ખાસ સભા બોલાવવી જેમાં તે કાર્યમાં આપે કરેલી ઉતાવળ સંક્ષિપ્તમાં જણાવવી અને તેમને નિર્દોષ ઠરાવી, ચંદ્રાવતીનો દંડનાયક બનાવી ચંદ્રાવતીથી વિમલકુમારને બોલાવવાનું ફરમાન કાઢવું, અને તેને બદલે અહીં શ્રીદત્ત શેઠને દંડનાયક અને મોતીશાહ શેઠને સંઘપતિ બનાવવા. એટલું કરવાથી રાજયની પ્રશંસા થશે, પાપનું પ્રાયશ્ચિત થશે અને જૈન પ્રજાનું મન શાંત થશે. રાજા ભીમદેવે એક સભા બોલાવી તે પ્રમાણે કર્યું અને ચંદ્રાવતી ફરમાન સાથે માણસ મોકલી વિમલકુમારને પાટણ આવવાનો અતિશય આગ્રહ કર્યો, પરંતુ તે વખતે વર્ધમાનસૂરી નામના આચાર્ય મહારાજ પધાર્યા હતા, વિમળકુમાર તેમનો ઉપદેશ સાંભળી સંચય કરેલ પોતાના પાપનો નાશ કરવાના પ્રયત્નમાં પોતે લાગ્યો હતો.

એક દિવસ ગુરૂમહારાજની દેશના દ્વારા સાંભળ્યું કે મનુષ્ય જોકે જીંદગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભર પાપ વ્યાપારોમાં મચ્યો રહે અને શકય અનુષ્ઠાનોથી ધર્મારાધનદ્વારા પરલોકનો માર્ગ સરલ ન કરે તો અંત સમયે તેને બહુજ પસ્તાવું પડે છે, અને નરકાદિ અધોગતિમાં જવું પડે છે. વિવિધ વિપત્તિ, જન્મમરણ, રોગ શોકાદિ અગાધ જળરૂપી ભરેલો આ સંસારરૂપી કુવો છે, તેમાં પડેલ નિરાધાર જીવોને ધર્મ એક દોરડા સમાન છે, પરંતુ મહાત્મા પુરૂષોએ બતાવેલ તે દોરીને દૃઢ રીને આલંબન કરવું તે તો મનુષ્યનું કર્તવ્ય છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સાધન, સેવન પરિશિલન, પરસ્પર સાપેક્ષ અને અબાધિત હોવું તે સિદ્ધિ જનક છે; તો પણ એક વસ્તુમાં તલ્લીન થઈ મનુષ્ય બીજા પુરૂષાર્થને ભૂલી જાય તો અત્યાસક્તિથી પ્રારબ્ધ નષ્ટ થતાં શેષ પુરૂષાર્થોની સત્તાનો નાશ થઈ મનુષ્યને સર્વથી ભ્રષ્ટ કરી દે છે, જેથી ધર્મના પ્રભાવથી મળેલ અર્થ, કામનું સેવન કરતાં મનુષ્યે વિચારવું જોઈએ કે સર્વ સુખના સ્થાનરૂપ ધર્મને સેવવાનું ભૂલી જવું ન જોઈએ.

દરેક જીવને સુખની અભિલાષા છે દુઃખને કોઈ ચાહતું નથી, પરંતુ સંસારમાં એક એવું ભયાનક સ્થાન છે કે જ્યાં જરાપણ સુખ નથી અને કેવળ દુઃખજ માત્ર છે, જેનું નામ રૌદ્રસ્થાન નરક છે. ત્યાં ક્ષેત્રની પરસ્પરની પરમાધામિક દેવોની કરેલી વેદનાઓ સહન કરતાં જીવોને અસખ્ય વર્ષો વીતી જાય છે; ત્યારે એક ભવ નરકનો પુરો થાય છે. ત્યાં દશ બાબતો હમેશાં જારી રહે છે. ૧ અત્યંત શીત, ૨ અત્યંત ગરમી, ૩ અત્યંત ભૂખ, ૪ અત્યંત તૃષા, ૫ અત્યંત ખુજલી, ૬ સદા પરતંત્રપણું, ૭ તાવની સતત પીડા, ૮ દાહની જરાપણ શાંતિ નહીં, ૯ ભય અને ૧૦ શોક સદા સ્થાઈ છે. આ નરકની વેદના સાંભળી અત્યંત ગભરાટ ઉત્પન્ન થતો હોવાથી ઉત્તમ જીવોને તેની પ્રાપ્તિના કારણોથી સદા બચવું જોઈએ. આ સાંભળી વિમળકુમારે પુછયું. મહારાજ ! આ નરકગતિમાં જીવ શું કાર્ય કરવાથી જાય છે ?

ગુરૂમહારાજે કહ્યું કે ૧ મહા આરંભ કરવાથી, ૨ મહા પરિગ્રહની રૂચીથી, ૩ માંસાહાર કરવાથી અને ૪ પંચેદ્રિય જીવનો ઘાત કરવાથી; આ ચાર કારણથી જીવને નરકમાં જવું પડે છે. આ સાંભળી વિમળકુમાર કંપી ઉઠયો અને કહ્યું. કૃપાળુ ! આ કામ કરનારને તે આપત્તિમાંથી બચવાનો કોઈ ઉપાય છે ? મારી જેવા પામરપર કૃપા લાવી ફરમાવો ! મારી જેવા પાપાત્મા કેવી રીતે પાવન થઈ શકે ? કારણ કે અભિમાનને વશ થઈ લક્ષ્મીની લાલસાથી અનેક પાપો મેં કર્યા છે. રાજ વ્યાપારમાં અને દંડનાયક ( સેનાપતિ ) નો તો ધંધો પાપનો છે, જેથી આપ દયાળુ દયા લાવી તેનો ઉપાય બતાવો, આચાર્ય મહારાજ તેનો ઉપાય બતાવે છે જે હવે પછી જણાવીશું. ( ચાલુ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માનંદ પ્રાપ્તિનો માર્ગ

## ( વાસના શુદ્ધિ. )

લેખક:—શિષ્ય

( ગતાંક પૃષ્ટ ૪૨ થી શરૂ )

દેવી માર્ગ પર વિહરવાની આતુરતા ધરાવનાર સુજ્ઞ મુસાફર ! પ્રભુના પંથ પર પગલા માંડવાની અભિલાષા રાખનાર વિવેકી જન ! તીર્થંકરોને પગલે ચાલવાની જીજ્ઞાસા ધરાવનાર જીજ્ઞાસુ ! જીવનજ્યોત પ્રગટાવવાની ઇચ્છા રાખનાર માનવી ! આત્માનંદ પ્રાપ્તિના માર્ગ પર વિહરવું એ સ્હેલું નથી એ આપણે જોઈ ગયા. માત્ર સમજીને બેસી રહેનાર તે માર્ગ પર જન્મ જન્માંતરે પણ જઈ શકે નહિ. માત્ર ખાલી પોપટીયું જ્ઞાન ધરાવનારને કદી તે માર્ગની ખરી ઝાંખી થઈ શકે નહિ. માત્ર મોટા મોટા વ્યાખ્યાનો કરે, પંડિત બની સભાઓને ગજાવે, મોટા મોટા પુરૂષોના સૂત્રો પર ઉપદેશ કરે, તે માર્ગપર કેમ જવું તે શાસ્ત્રોના ટાંચણ લઇ મોટા મોટા ગ્રંથો લખે, તેનાથી તે માર્ગપર જઈ શકાય નહિ. પણ જે કંઈ કહેવામાં આવ્યું હોય, વાંચવામાં આવ્યું હોય, શ્રવણ કરવામાં આવ્યું હોય, અને અંતરાત્માને તે સત્ય રૂપે ભાસ્યું હોય, અને પછી તેને જેટલે અંશે અમલમાં મૂકયું હોય, પોતાના જીવનમાં તેનો રંગ લગાવ્યો હોય, તેની જીંદગીમાં તે બાબત વણાઇ ગઈ હોય, તેને તે માર્ગ પરના આનંદનો તેટલે અંશે અનુભવ થાય છે. વર્તનમાં મૂકવું એ પ્રથમ બાબત છે. જો તેમ ન થાય તો બધી બાબત વ્યર્થ છે. જીવનની દિશા બદલાવવી જોઇએ. રહેણી કહેણીમાં ફેર પડવો જોઇએ. જીંદગીનું દૃષ્ટિ બિન્દુ ફેરવવું જોઇએ. અમુક આદર્શને ધ્રુવનો તારો બનાવી જીવનનૌકાને આગળ ધકેલે જવી જોઇએ. અમુક હેતુ તો આ જીવનને અંતે કેમ પાર પડી શકે તે માટે જ્ઞાનપૂર્વક અને વિવેક પુરઃસર જીવનગાળવું જોઈએ તેટલામાટે વાસના શુદ્ધિની જરૂર છે. જ્યાં સુધી શુદ્ધિ ન થાય, મલિનતા હોય ત્યાં સુધી આત્મચંદ્રનો પ્રકાશ હૃદય સરોવર પર બરોબર પડે. નહિ આપણે દેહ શુદ્ધિ વિષે વિચાર કરી ગયા. હવે વાસના શુદ્ધિ પર વિચાર કરીએ.

દુનિયા પર નજર કરશો તો અત્યારે અસંખ્ય માનવીઓ વાસનામય જીવન ગુજારે છે. કોઈ વીરપુરૂષ હશે, કે કોઇ જ્ઞાની જન હશે, કે કોઈ ભક્ત હશે, કે કોઇ કર્મવીર હશે, કે કોઇ મહાન વૈજ્ઞાનિક હશે, કે કોઇ કલાના પૂજારી હશે, કે કોઇ ક્રિયાકાંડનો રહસ્યવાદી હશે, તેમાંથી અમુક મનુષ્યોજ માત્ર વાસનામય જીવન ગુજારતા નહિ હોય. એક સામાન્ય માનવીને કહો કે તું તારી વાસનાઓને એક ક્ષણભર દૂર કર અને પછી પૂછો કે તું કોણ છે, તો પ્રતિઉત્તર એટલો મળશે કે જો વાસનાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીંદગીમાંથી જતી રહે તો પછી જીંદગીમાં જીવવા જેવું શું રહ્યું ? પોતાને સર્વત્ર શૂન્યતા ભાસે. પોતે કોઇ મહાન અંધકારમાં ગબડી પડયો હોય તેવું લાગે. પોતે શા માટે જીવવું તે પ્રકારની વિમાસણમાં તે પડે. સામાન્ય માનવી વાસનામાં લુબ્ધ બની જીવન ગુજારી શકે છે. પછી તે વાસના કોઈપણ પ્રકારની હોય. નીચ પ્રકારની હોય કે ઉચ્ચ પ્રકારની હોય. આ આપણા જન્મ મરણનું ચક્ર ચલાવે છે કોણ ! તેનો વિચાર સામાન્ય માનવીએ દીર્ઘદૃષ્ટિએ કરેલો હોતો નથી અને તેથી તે વાસનાને બાઝી પડેલો છે. જન્મ મરણનું ચક્ર ચલાવનાર વાસના છે. જો માનવી વાસનાથી મુક્ત થાય તો જન્મ મરણથી મુક્ત થાય અને કૈવલ્ય પદને પામે. પણ પોતામાં કઇ કઇ જાતની વાસના છે, પોતે વાસનાથી ભિન્ન છે, તે વાસનાને દૂર અમુક રીતે કરી શકાય, તે દૂર કરવાને આખા જીવનભર જ્ઞાનપૂર્વકનો સખત પ્રયાસ જોઇએ અને કદાચ એક જીંદગીએ પાર ન આવે તો તેથી હારી નહિ જતાં અનેક જીવન સુધી પણ આંતર યુદ્ધ કરવાની તૈયારી જોઈએ, શ્રદ્ધા જોઈએ, ગુરૂ દેવને શરણે જવું જોઇએ, તીર્થંકરોનો પ્રેમાળ હાથ જોઈએ, વિગેરે બાબત સામાન્ય માનવી સમજતો નથી. પરંતુ આપણે આ બાબતો વિષે યતકિંચિત્ પણ સમજીએ છીએ, આપણને આત્માનંદ પ્રાપ્તિના માર્ગ પર જવાની આતુરતા છે, ધૂન છે, તો આપણે આ બાબતો સારી રીતે સમજવી જોઈએ અને સમજીને જ્ઞાન પૂર્વક જીવન ગાળવાને તૈયાર થવું જોઈએ.

આ વિશ્વમાં માનવીની કૃતિમાં વાસનાનું સ્થાન ક્યાં છે તે જરા સમજવા પ્રયત્ન કરીએ. વાસનાને એક રમકડાનું સ્થાન આપવામાં આવ્યુ છે. જેવી રીતે એક પ્રેમાળ સુજ્ઞ માતા પોતાના પ્યારા બાલકને ચાલતા શીખવવા માટે એક રમકડાં પછી બીજું રમકડું આગળ ધર્યે જાય છે અને બાલકના પ્રયાસને અંતે બાલક માતાની સહાય વગર પણ ચાલતા શીખે છે, તેવી જ રીતે વિકાસક્રમમાં આગળ વધારવાને પ્રભુ ઇચ્છે છે. જેમ માતાનો હેતુ બાલકનું શ્રેય કરવાનો છે તેમ પ્રભુનો હેતુ પણ જીવાત્માનું શ્રેય કરવાનો છે. જેમ બાલકને પ્રયાસ કરતાં દુ:ખ પડે છે પણ તે દુ:ખથી શક્તિ આવે છે, તેમ જીવાત્માને પણ અનેક જન્મોમાં પ્રયાસ કરતાં દુ:ખ પડે છે, પણ તે દુ:ખદ્વારા જીવાત્માની શક્તિયોનો વિકાસ થાય છે, સુખદ્વારા પણ જીવાત્માને વિકાસક્રમમાં આગળ વધારવામાં આવે છે. જે સુખ દેહની દૃષ્ટિથી સુખ હોય; પરન્તુ વસ્તુતઃ તે ખરૂં સુખ હોતું નથી. જેને એક માનવી સુખ માને છે તેને બીજો માનવી સુખ માનતો નથી. એકનું સુખ બીજાને મન દુ:ખ સમાન લાગે છે. સુખ કે દુ:ખ એ અમુક કોટીએ અમુક અમુક અંશે રહે છે. જેમ જેમ વિકાસક્રમમાં આત્મા આગળ વધતો જાય છે તેમ તેમ સુખ દુ:ખના પ્રકાર પણ બદલાતા જાય છે. એક સમયનું માનેલું સુખ બીજી સ્થિતિમાં સુખ રહેતું નથી. સુખ અને દુ:ખના આરા વાસના ચલાવે છે. જેમ વાસના શુદ્ધ તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખ દુઃખના પ્રકાર પણ ઉચ્ચ. જ્યારે વાસનાનો ક્ષય ત્યારે મનાતા સુખ દુઃખનો પણ ક્ષય. વાસના ત્યાગી એટલે સુખદુઃખ ત્યાગ થયાં. ત્યારેજ માનવીજ ખરેખરો ત્યાગી વૈરાગી બને છે. તે માર્ગ પર જવા માટે ધીમે ધીમે સંસારી જને આત્માનંદ પ્રાપ્તિના માર્ગપર જવું હોય તો સંસારની તે વાસનાઓનો પણ ત્યાગ કરતાં જવું જોઇએ. એટલે કે વાસનાને વિશુદ્ધ બનાવતાં જવું અને અંતે તેનો ત્યાગ–તેની મેળે થાય.

આપણી જેવા સામાન્ય માનવીને સંસારમાં લટકાવી રાખતી બે મુખ્ય વાસના છે. એક દ્રવ્યની વાસના અને બીજી સત્તાની વાસના. બાલકથી તે વૃદ્ધ પર્યંતમાં થોડે યા વધતે અંશે દ્રવ્યની વાસના રહેલ હોય છે. પ્રત્યેક વસ્તુનો સદ્ ઉપયોગ પણ થાય છે અને દુરૂપયોગ પણ થાય છે. સદ્ ઉપયોગ કે દુરૂપયોગ થાય તે વાપરનારના પર રહેલ છે. ધનથી અનેક જનનું કલ્યાણ કરી શકાય. ધનના મદમાં અનેકના પર ધનના સામર્થ્યવડે જૂલમ પણ થાય છે. ધનથી અસંગ રહી ધનનો સદ્ઉપયોગ કરતાં થવું એ સ્થિતિ પ્રાપ્ત કરવાનો આપણો ઉદ્દેશ છે. સત્તાથી અનેકનું શ્રેય કરી શકાય. આપણી જીભના એક વચનથી અથવા તો આપણી કલમના એક લખાણથી અનેકનું કલ્યાણ થઇ શકે; તેમજ અનિષ્ટ પણ થાય–સત્તાનો મદ બૂરો છે. સત્તા આવે ત્યારે સમતોલપણું જાળવવું એ સ્હેલું નથી. દ્રવ્ય અને સત્તા એ બન્નેનું આત્મા જરા પણ સમતોલપણું ખોવે કે તરત તેને નીચે ઘસડી પાડવાને અહોનિશ તૈયાર હોય છે. સત્તા અને દ્રવ્યનો તે સ્વભાવ છે. છતાં પણ તેનાથી અસંગ રહી તે વસ્તુઓનો પણ સદ્ઉપયોગ કરી, અનેક મનુષ્યોનું કલ્યાણ કરવામાં–તેનો ઉપયોગ કરવામાં વીરતા સમાયેલ છે. જેવી રીતે જ્ઞાન એ શક્તિ છે, તેવીજ રીતે આ સંસારમાં સત્તા અને દ્રવ્ય એ પણ શક્તિયો મનાયેલી છે. તેનો પણ જ્ઞાનની જેમ સદ્ઉપયોગ કરવો જોઇએ. પણ એ ક્યારે બને ? એ વિશુદ્ધિના માર્ગ પર ક્યારે જવાય ? જો અસંગ બનાય તો–અસંગ બનવું એટલે વિવેક વાપરવો. સત્ અને અસત્ વસ્તુનો ભેદ સમજી તે પ્રમાણે જીવનમાં વર્તવું. ઘણીવાર એવું બને છે કે આપણે સમજીએ છીએ કે આ સત્ છે અને આ અસત્ છે, છતાં પણ તેને વર્તનમાં મૂકી નથી શકતા અને તેથી અસંગ પણ બની શકતાં નથી. જેટલે અંશે વર્તનમાં મૂકાય તેટલે અંશે અસંગ બનાય છે. સત્ અસત્નો અહર્નિશ વિચાર કરી તે પ્રમાણે વર્તન કરવાથી વાસનાનો લોપ થાય છે. જીંદગીની નાનીનાની બાબતોમાંથી અસંગ થવાની શરૂઆત થવી જોઇએ. ભગવાન્ મહાવીરસ્વામીને પગલે ચાલી સ્વપર માટેની મુક્તિનો પ્રયત્ન થવો જોઇએ. અનેક મહાત્માઓ, તીર્થંકરો જેઓએ મુકિત મેળવી છે, તે એકલા પોતાને ખાતર નહિ, પણ સાથે અન્ય જનોના કલ્યાણ અર્થે, અખિલ માનવજાતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રેય અર્થે. પોતાનાં કાર્યનું પરિણામ જોવું તે પણ વાસના છે. આ વાસના સુક્ષ્મતર છે. છતાં ભયકારી છે. આપણે કોઈ પણ માનવીનું કલ્યાણ કરીએ છીએ ત્યારે તેનું પરિણામ જોવાની જો ઇચ્છા રહે તે પણ વાસના છે. કારણકે આપણને કર્મના કાયદામાં વિશ્વાસ નથી. આપણે એક અમુક કાર્ય કે ક્રીયા કરીએ તો તેનું અમુક પરિણામ તો આવેજ. જો શુભ કાર્ય કરેલું હોય તો શુભ પરિણામ આવે છે, જો અશુભ કાર્ય કરેલું હોય છે તો અશુભ પરિણામ આવે છે. બદલાની આશા રાખ્યા સિવાય કાર્ય કરવાની જરૂર છે. પછી તે કાર્ય નાનુ. હોય કે મોટું હોય. કાર્ય કરવાને ખાતર કાર્ય કરવું જોઈએ. સત્યને ખાતર કાર્ય કરવું જોઈએ. બદલાની ઇચ્છા રહિત કાર્ય થવું જોઈએ. આપણને સમાજ કે લોકસેવા વહાલી હોય તો તે કરવી, પણ તેમાં કીર્તિને ખાતર નહિ પરંતુ અર્પણ ભાવથી કરવી. પૂર્ણ રીતે પોતાની જાતને, પોતાના ઇષ્ટદેવને, ગુરૂદેવને અર્પણ કરી તેની આજ્ઞા પ્રમાણે કાર્ય કરતાં શીખવું એ વાસના શુદ્ધિનો માર્ગ છે.

કેટલીકવાર પોતાનું ડહાપણ બતાવવા ખાતર બોલવાની ઇચ્છા થાય છે. જીવ્હાદ્વારા એ વાસના પ્રગટ થાય છે. પરંતુ બોલવું એ સત્ય છે, પ્રિય છે, હિતકર છે કે નહિ તે ધ્યાનમાં રાખીને બોલવું જોઈએ. આ નિયમ પાળવો બહુ કઠણ છે. જીભને વશ રાખી મૌન્ય રાખવું એ અતિ મુશ્કેલ છે. પણ આત્માનંદ પ્રાપ્તિના માર્ગ પર જનારે વાકસંયમવ્રત–ભાષાસમિતિ પાળવી જોઇએ. આ માટે સાધકે નાની નાની બાબતોમાંથી આ ટેવ પાડવાની શરૂઆત કરવી જોઇએ. કારણ વગર નહિ બોલવું. ઓછું બોલવું, બનતા સુધી શાંત રીતે સાંભળવાની ટેવ પાડવી. ખાસ કોઇ અગત્યના નિયમનો ભંગ થતો હોય, સત્યના નિયમનો ભંગ થતો હોય તો બોલવું, પણ તે નમ્રતાથી, શાંતિથી અને થોડા શબ્દમાં બોલવું. વાકસંયમ વ્રત પાળવાની અતિ આવશ્યકતા છે. આજકાલ કુથલી કરવાની ટેવ બહુ વધી ગઇ છે. કોઈ માણસ માટે કંઇ બોલીએ છીએ તે સાચું છે કે નહિ તેની ખાત્રી ન હોય તો પણ ગપાટા હાંકીએ છીએ. જન સમાજમાં ગેરસમજ ફેલાવી અનેકને વીખવાદ કરાવનાર, અનેકમાં અવિશ્વાસના બીજ રોપી કલહ–કંકાસ કરાવનાર, અનેકને જુદા પાડી એકબીજાનો પ્રેમ ન્યૂન કરાવનાર બોલવાની ટેવ છે. નવરાં બેઠાં એટલે વાતો કરવી એ સામાન્ય ટેવ પડી ગઇ છે. સાધકે આ બાબતથી બહુ સંભાળથી ચેતવાનું છે, કારણકે જ્યારે ત્યાગવૃતિ લેવાનો પ્રસંગ આવે છે ત્યારે વાકસંયમીપણાની ખાસ જરૂર રહે છે.

પરદ્રવ્યની, પરસ્ત્રીની, વૈભવ વિલાસની, સંતતિની, કીર્તિની, સત્તાની ઇચ્છાઓનો ત્યાગ કરાય તો જ આત્માનંદ પ્રાપ્તિ થાય. આત્માનંદ પ્રાપ્તિના માર્ગ પર જનારે દરરોજ બારીકીથી નિરીક્ષણ કરવું કે પોતામાં કઇ કઇ જાતની વાસનાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, પછી તેને દૂર કેમ કરવી તે નક્કી કરવું. નક્કી કર્યા પછી પણ ફરીથી તે વાસના ક્યા કારણથી પોતામાં ઉદ્દભવે છે તે જોવું, તે કારણ દૂર કરવા પ્રયાસ કરવો. નિરિક્ષણ કરવાની ટેવ ખાસ પાડવાની જરૂર છે. સવારે તથા રાત્રે બારીકીથી નિરિક્ષણ કરીં જોઇ જવું કે આત્મ સુધારણામાં ક્યાં ખામી છે. આંતર યુદ્ધ કરવું બહુ મુશ્કેલ છે.; બહારનું યુદ્ધ સ્હેલું છે. અનેક પ્રદેશો જીતી શકાય. અનેક વૈરીઓને વશ કરી શકાય, પણ વાસનાઓને જીતવી તે મુશ્કેલ છે, તે કાર્ય મુશ્કેલ છે છતાં પણ મુકિત મેળવવા તે કર્યા સિવાય છુટકો નથી. જેને આત્માનંદ પ્રાપ્ત થયો હોય તેને વાસના હોતી નથી, પણ જેને હજુ આત્માનંદ પ્રાપ્તિના માર્ગની ઇચ્છા છે, જે હજુ સંસારમાં રહી કાર્ય કરે છે, જે હજુ સાધક અવસ્થામાં છે, જે હજુ આંતર જ્યોતિને માટે તલસે છે, તેને તો વાસના શુદ્ધિ કરવાની જરૂર હોય છે. જે ત્યાગી થએલ છે, જેણે દીક્ષા લીધેલ છે, જેનું જીવન સામાન્ય નથી પણ દૈવી બની ગએલ છે તેણે તો તે શુદ્ધિ કરેલી જ હોય છે. જે પોતાના પ્રયાસમાં નિશ્ચય પૂર્વક આગળ વધ્યો જાય છે તેના પર પરમાત્માની કૃપા ઉતરે છે અને અંતે વિજયી બને છે. સાધકના પ્રયાસ પર સર્વે આધાર છે. આત્માનંદ પ્રાપ્તિના માર્ગે જવાની ઇચ્છા રાખનારાઓ થોડા હોય છે. અને તે થોડામાંથી પણ અતિ થોડા દીર્ઘ પ્રયાસ કરી અંતે વિજય પામે છે. ભગવાન મહાવીર સ્વામીની કૃપાથી આપણે તેના પ્રેમાળ આશીર્વાદથી વિજય પામીએ એટલું ઈચ્છી વિચાર શુદ્ધિ વિષે હવે પછીથી વિચાર કરશું. ચાલુ—

# ગ્રંથાવલોકન.

૧ મુક્તિમાર્ગ દર્શક યાને ભક્તિમાળા— આ બુક અમોને પ્રકાશક તરફથી અભિપ્રાયાર્થે ભેટ મળેલી છે, આ બુકની અંદર પ્રચલિત પ્રસંગોપાત ઉપયોગી સ્તુતિઓ, છંદો, ચૈત્યવંદનો, જુદા જુદા પ્રભુના, જ્ઞાનના, દીવાળીના તીથીના જુદા જુદા જૈનાચાર્ય અને મુનિમહારાજાઓની કૃતિના સ્તવનો અને સઝાયોનો એક સંગ્રહ છે. સાથે રત્નાકરપચીશિનો ગુજરાતી પદ્ય અનુવાદ આપી આ બુક પ્રભુભક્તિના ઇચ્છક માટે ખાસ ઉપયોગી બનાવી છે. સારા કાગળ ઉપર ગુજરાતી સુંદર ટાઇપમાં છપાવેલી છે. કિંમત આઠ આના યોગ્ય છે, મળવાનું ઠેકાણું પ્રકાશક શાહ અચરતલાલ જગજીવનદાસ રાંધણપુરી બજાર અથવા શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

૨ જૈન સતીરત્ન—મહિલા ગૌરવ ગ્રંથમાળાનું પ્રથમ પુષ્પ અમોને ભેટ મળેલ છે. આ બુકમાં સતી સીતા, બ્રાહ્મી, સુંદરી અને ચંદનબાળા એ ચાર સતીરત્નોના ચરિત્રો સાત ચિત્રો સાથે આપેલા છે, આ ચરિત્રો સાદી ભાષામાં સરલ રીતે આપેલા છે. સ્ત્રી ઉપયોગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથમાળા બુકના પ્રકાશક તરફથીજ આ પ્રથમ પ્રયાસ અમારા જાણવા પ્રમાણે શરૂ થાય છે. અમે તેની જરૂરીયાત જોઇએ છીયે. સતી ચરિત્રો સાથે સ્ત્રીઓનો ધર્મ શું છે? તે પ્રમાણે ટુંકી ટુંકી હકીકતમાં આપવાથી વધારે ઉપયોગી થાય. આ બુકની પ્રસ્તાવનામાં બીજા પુષ્પ તરીક પત્નીગૌરવ ગ્રંથ પ્રકટ થવાનું પ્રકાશક સુચવે છે. તો ધારવા પ્રમાણે તે વિષય તેમાં હશે. આ ગ્રંથના લેખકે હિંદી ઉપરથી આ ગુજરાતી અનુવાદ કરેલો છે પરંતુ કયા હિંદીગ્રંથ ઉપરથી તે જણાવવાની જરૂર હતી છતાંપણુ અનુવાદ સારો કરવામાં આવ્યો; છે. કિંમત રૂા. ૧—૪—૦ મળવાનું ઠેકાણું. પ્રકાશક-ગ્રંથભંડાર લેડીહાર્ડીંજરોડ, માટુંગા—મુંબઇ.

૩ **ધર્મગીતાંજલી**—કર્ત્તા ન્યાયવિશારદ મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ અને પ્રકાશક શ્રી જૈન શ્વેતામ્બર આનંદવર્ધક મંડલ ઉજ્જૈન તરફથી આ બુક ભેટ મળેલ છે. સ્વર્ગવાસી આચાર્યશ્રી વિજયધર્મસૂરીજીનું જીવનચરિત્ર હિંદિ પદ્યમાં આ બુકમાં આપેલ છે જે વિદ્વાન મુનિની ગુરૂભકિત જણાવે છે. પદ્ય રચના પણુ સારી કરવામાં આવી છે ટુંકામાં આખા જીવનનો વૃત્તાંત સમાવેલો છે. સાથે સ્વર્ગવાસી મહાત્માની છબી આપી આ લઘુ ગ્રંથની મહત્વતા વધારી છે. તેના ખપીને પ્રકાશક તરફથી ભેટ અપાય છે.

૪ **દેવદ્રવ્યનિર્ણય: પ્રથમભાગ**—કર્ત્તા પં० મુનિશ્રી મણિસાગરજી મહારાજ પ્રકાશક શ્રી જીનદત્તસૂરિ જ્ઞાનભંડાર સુરત ગોપીપુરા તથા શ્રી જિનકૃપાચંદ્રસૂરિ જ્ઞાનભંડારના કાર્યવાહક તથા જૈન મંદીર ઇંદોર. આ ગ્રંથમાં દેવદ્રવ્યના શાસ્ત્રાર્થ સંબંધી પત્રવ્યવહાર તેમજ સંક્ષેપમાં દેવદ્રવ્ય સારરૂપ નિર્ણય કર્ત્તા તરફથી આપવામાં આવેલો છે. મંગાવનારને ઉપરના ઠેકાણેથી ભેટ મળી શકશે.

૫ **શાન્તિનો માર્ગ**—લેખક શ્રીમાન્ પંન્યાસજીશ્રી કેશરવિજયજી ગણી છે. જે ગ્રંથ અમોને અભિપ્રાય માટે ભેટ મળેલ છે. ઉકત પંન્યાસજી મહારાજ એક વિદ્વાન મુનિવર્ય છે અને તેમણે જીવોના ઉપકાર માટે યોગશાસ્ત્ર, મલયાસુંદરી વગેરે ઘણાં ગ્રંથો લખેલા છે આ ગ્રંથમાં દશ અધ્યયનો આવેલા છે. પ્રથમમાં જીવપુદ્ગલનો સંબંધ, દૈવ અને પુરૂષાર્થ, નિશ્ચય નવતત્ત્વ, અનુષ્ઠાન, યોગનુંવર્ણન, ભાવના, ધ્યાન અને સમતા યોગ વગેરેનું વિવેચન કરવામાં આવેલ છે, આખો ગ્રંથ મનન પૂર્વક પઠન કરવાની જરૂર છે. આ ગ્રંથની પ્રસ્તાવનામાં આખા ગ્રંથનો સમાવેશ ટુંકામાં કરેલો છે; તેમજ ગ્રંથના વસ્તુ સંકળના પણુ જણાવેલી છે. તેથી પ્રસ્તાવના પણ ખાસ વાંચવા જેવી છે ને વાંચી પછી ગ્રંથમાં પ્રવેશ કરવાથી તેમાં આવેલા અધ્યયનોનું સ્વરૂપ સમજી શકાય છે. આ ગ્રંથના કર્ત્તા મુનિરાજ શ્રી પ્રસ્તાવનામાં જણાવે છે તેમ યોગબિન્દુ, અધ્યાત્મસાર, અધ્યાત્મ ઉપનિષદ્, શાસ્ત્રવાર્તા સમુચ્ચય આદિ અનેક ગ્રંથોમાંથી તેઓશ્રીના વિચારને ઉપયોગી બાબતનો સાર આ ગ્રંથમાં લેવામાં આવ્યો છે જેથી પઠન પાઠન માટે ખરેખર ઉપયોગી બનેલ છે ભાષા સરલ અને સાદી વાપરેલ છે. પ્રકાશક શ્રી પાદરા જૈનસંઘની વતી વકીલ ત્રિભુવનદાસ દલપતભાઈ બી, એ એલ એલ બી. કિંમત રૂા. ૦—૪—૦ જે ઘણીજ અલ્પ પ્રચાર કરવાના શુભ હેતુથી રાખેલ છે.

૬ **આત્મજ્ઞાન પ્રવેશિકા**—આ ગ્રંથના લેખક પણુ શ્રીમાન્ પં० મહારાજશ્રી કેશર-વિજયજી ગણી છે. આ ગ્રંથ જૈનશાળામાં ચલાવવાની સીરીઝ તરીકે પાઠ ૨૨ આપી તે દરેકમાં જુદાજુદા બાવીશ વિષયો આપેલા છે તે નીચે સારાંશ અને પ્રશ્નો આપી વાંચી—શીખી ગયેલ તે તે પાઠો વિદ્યાર્થીઓ બરોબર વાંચી—જાણી શકયા કે કેમ? તે જાણવામાં આવતાં તેમજ તે તે પાઠોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલ વિષય પરિપકવ કરવાનું સાધન બનાવેલ છે કે જેથી બાળકોના હૃદયમાં તે પાઠોનો ભાવાર્થ હૃદયમાં સારી રીતે પરિણમે છે. આ બુક માંહેનું જ્ઞાન બીજ જેવું હોવાથી બાળકોને માટે ખાસ ઉપયોગી છે. પ્રસિદ્ધ કર્ત્તા વકીલ છોટાલાલ ન્હાલચંદ પાદરા કિંમત બે આના બ્હોળા પ્રચાર કરવાના હેતુથી રાખેલ છે.

૭ **જિનગુણ પદ્યાવળી**—પ્રકાશક શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મ્હેસાણા તરફથી ભેટ મળેલ છે. આ બુકમાં ૯૪ પદો તથા ઉપદેશ રૂપ ૧૨ પદો આવેલા છે. જેમાં કેટલાંક આનંદઘનજી મહારાજ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજની કૃતિના છે અને કેટલાક ગૃહસ્થ કવિ પ્રાણસુખ ગવૈયા, કવિ સાંકળચંદ કેશવલાલ અને દુર્લભદાસ વગેરેના છે, જે ભાવના અને મેળાવડા વખતે બાળકોને બોલવા માટે તૈયાર કરેલા છે. કિંમત બે આના બ્હોળો ફેલાવો કરવાના હેતુથી જુજ રાખવામાં આવેલ છે એમ જણાય છે.

૮ **બાળપોથી**—આ બુકની આ બીજી આવૃત્તિ શ્રીજૈન શ્રેયસ્કર મંડળ મ્હેશાણા તરફથી પ્રકટ થયેલ અમોને ભેટ માટે મળેલ છે. પાઠ્ય પુસ્તકો તરીકે જૈનશાળામાં ચલાવવા માટેનો આ સંસ્થાનો આ પ્રયત્ન છે. પાઠ્ય પુસ્તકો આ જમાનામાં કેવા તૈયાર કરવા જોઇએ, અને કેમ બંધબેસતા થાય તેને માટે અભિપ્રાય આપવો કે તૈયાર કરવા તે કેળવણીના મહાન ઉપાસકોનું કામ છે અનેતેઓ પાસે તૈયાર કરેલ વસ્તુ મુકાય ચર્ચાય ત્યારેજ નક્કી થઇ શકે ” અને ત્યારેજ એકસરખું દરેક સ્થળે વિદ્યાર્થીઓ જ્ઞાન મેળવી શકે ? પણ તે કયારે થાય ? સમાજ અથવા વિદ્વાન મુનિરાજ કે જૈનબંધુઓના સમગ્ર વિચાર મહેનત અને પ્રયાસથીજ બને ? પરંતુ તે ન બને ત્યાંસુધીના દરમ્યાન તેવું કાંઇ હોય તો ઠીક એમ ધારી પ્રથમ બંધુ લાલને બીજી વિદ્યા પ્રસારક વર્ગે વગેરે તૈયાર કરેલ હતી. હાલમા આ સંસ્થા તરફથી પણ આ પ્રયાસ કરવામાં આવ્યો છે. આમાંના ઘણા પાઠો શેઠ અમરચંદ તલકચંદ માંગરોળ નિવાસીએ શાસ્ત્રી નર્મદાશંકર દામોદર અને આ સભા સ્વર્ગવાસી પ્રમુખ મુળચંદ નથુભાઇ, પછી છેવટ ભાઇ મનસુખલાલ કીરતચંદ એ ત્રણ વિદ્વાનો પાસે દશ વર્ષ પહેલાં હજારો રૂપીયા ખરચીને સીરીઝ તૈયાર કરાવેલી, પરંતુ તે વિદ્વાનો સમક્ષ નકી કરવા મુકાણી નહીં તેમજ પ્રકટ પણ થઇ નહીં, તે તૈયાર થયેલ સીરીઝમાં ઘણે ભાગે કેટલોક ભાગ વધારી સુધારી બહાર લાવવા માટે આ સંસ્થાએ પ્રયત્ન કર્યો છે જે યોગ્ય છે. આ બુકમાં પ્રથમ નીતિબોધ વિભાગ, બીજામાં સામાન્ય જ્ઞાનવિભાગ, ત્રીજામાં સામાયક સૂત્ર વિભાગ અને ચોથામાં કાવ્ય વિભાગ જે બોલાતો પ્રચલિત છે તે આપવામાં આવેલ છે. એકંદર રીતે કીયામાર્ગના જ્ઞાન સાથે સામાન્ય બીજું જ્ઞાન પણ થાય તેમ તૈયાર થયેલ છે. કિંમત દોઢ આનો કિંમત યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


"જલદી નામ નોંધાવો"

છપાય છે ! છપાય છે ! ! છપાય છે ! ! !

## થોડા વખતમાં પ્રસિદ્ધ થશે.

માત્ર થોડી નકલોજ સિલીકે રહેશે.

શ્રી બાળ બ્રહ્મચારી બાવીશમા જીનેશ્વર

# "શ્રી નેમનાથ પ્રભુનું (નવ ભવનું) ચરિત્ર."

આ ગ્રંથમાં શું જોશો ? બાવીશમા જગતપતિ શ્રી નેમનાથ પ્રભુનું નવ ભવનું અપૂર્વ વર્ણન, નેમનાથ પ્રભુ અને સતી રાજેમતીનો નવ ભવનો ઉત્તરોત્તર આદર્શ પ્રેમ, પતિ પત્નીનો અલૌકિક સ્નેહ, સતી રાજેમતીનો વૈરાગ્ય, અને સતીપણાનો વૃત્તાન્ત, પ્રભુની બાળ ક્રીડા, દિક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષગમન વગેરે પ્રસંગોની જાણવા યોગ્ય હકીકતો, તેમજ શ્રી વસુદેવ રાજાનું ચરિત્ર અને ઉચ્ચ પ્રકારની પુણ્ય પ્રકૃતિ અને તેના મીષ્ટ ફળોનું વર્ણન ખાસ વાંચવા લાયક છે. વળી શ્રીકૃષ્ણ વાસુદેવનું ચરિત્ર, વૈભવ, પરાક્રમ, રાજ્યવર્ણન. પ્રતિવાસુદેવ જરાસંધનો વધ, શ્રીકૃષ્ણની નેમનાથ પ્રભુ પ્રત્યેની અપૂર્વ ભક્તિ, તદ્ભવ મોક્ષગામી શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્રો શાંબ અને પ્રદ્યુમ્નનું જીવનવૃત્તાંત. મહાપુરૂષ અને સતી નળ દમયંતીનું જીવન ચરિત્ર, પોતાના બંધુ કુબેર સાથે જુગાર રમતાં હારી જતાં પોતાના વચનનું પાલન કરવા કરેલો રાજ્યત્યાગ, સેવેલો વનવાસ, સતી દમયંતીને પતિથી વિખુટા પડતાં પડેલ અનેક કષ્ટો ( જે વાંચતાં દરેકની ચક્ષુમાં આંસુની ધારાઓ આવે છે ) તેમાં પણ રાખેલી અખૂટ ધૈર્યતા શિયલ સાચવી બતાવેલો અપૂર્વ મહિમા, અને સતી દમયંતીની શાંતિ અને પતિ પરાયણતા તો વાંચકને આશ્ચર્ય પમાડે છે. જૈનોનું મહાભારત, પાંડવોનું જીવન ચરિત્ર, કુરૂક્ષેત્રમાં પાંડવ કૌરવોનું ( ન્યાય અન્યાયનું ) યુદ્ધ. સતી દ્રૌપદીનો સ્વયંવર અને પાછલા ભવનું વર્ણન, પાંડવો સાથે લગ્ન, સતી દ્રાપદીનો જૈન ધર્મ પ્રત્યે નિકટ પ્રેમ, પતિ સેવા, શિયલ સંરક્ષણ, ચારિત્ર અને મોક્ષ એ વગેરે વર્ણનો. આટલા આટલા મુખ્ય ચરિત્રો, તેમજ અંતર્ગત બીજા પણ સુંદર વૃતાંતો, અને શ્રી નેમનાથ ભગવાનના પંચ કલ્યાણકના વૃતાંતો, જન્મ મહોત્સવ, દેશના, પરિવાર અને છેવટે મોક્ષ વગેરેનું વર્ણન આ ગ્રંથમાં ગ્રંથકાર મહારાજ શ્રી ગુણવિજયજી વાચકે એટલું બધું વિસ્તારથી, સુંદર અને સરલ રીતે આપ્યું છે કે, અત્યાર સુધીના શ્રી નેમનાથ પ્રભુના પ્રકટ થયેલા ચરિત્રો કરતાં આ પ્રથમ પંક્તિએ આવે છે. આ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો, આલ્હાદ ઉત્પન્ન કરે તેવો, દરેક મનુષ્ય વાંચી પોતાનું વર્ત્તન ઉચ્ચ ધર્મિષ્ટ બનાવવા પોતા માટે મોક્ષ નજીક લાવી શકે તેવો હોવાથી અમોએ મૂળ ગ્રંથ ઉપરથી ભાષાંતર ગુજરાતીમાં કરાવી છપાવવો શરૂ કર્યો છે. વધારે વર્ણન કરવા કરતાં વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે.

ઉંચા કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી રોયલ આઠ પેજી શુમારે ત્રીશ ફોરમ અઢીસેં પાનાનો આ ગ્રંથ સુંદર બાઈંડીંગથી અલંકૃત કરવાનો છે. એક માસ પછી કારતક શુદ ૧૫ ના રોજ પ્રકટ થશે. ઘણા ગ્રાહકો થયેલા છે. આ સભાના લાઇફ મેમ્બરોને ભેટ આપતાં માત્ર ઘણી જુજ નકલોજ બાકી રહેવાની હોવાથી પ્રકટ થયા પહેલાં જાહેર ખબર તેના ઇચ્છકોને નિરાશ થવું ન પડે માટે પ્રકટ કરેલ છે. ગ્રાહક થનારે નીચેના શરનામે તરતજ લખી નામ નોંધાવવું. કિંમત બે રૂપીયા પોસ્ટેજ જુદું.

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


જલ્દી મંગાવો. તૈયાર છે ! સીલીકે થોડી નકલો છે.

# શ્રીસુમુખનૃપાદિ ધર્મપ્રભાવકોની કથા.

જેમાં ચંદ્રવીરશુભા–ધર્મધન–સિદ્ધદત્ત કપિલ અને સુમુખનૃપાદિ કથાઓ આવેલી છે

આ ઉપદેશક કથાના ગ્રંથકર્ત્તા મહાન્ ધુરંધર વિદ્વાન આચાર્ય શ્રી મુનિ સુંદરસૂરિજી મહારાજ છે. આ મહાન્ આચાર્યે આ કથાનો ગ્રંથ ભવ્યજનોના કલ્યાણના અર્થે બનાવેલ છે. તેમાં આવેલ શ્રાવક ધર્મ પ્રભાવ ઉપર ચંદ્રવીરશુભાની કથા, ૨ દાનાદિ પુણ્ય ફળ ઉપર ધર્મધનની કથા, ૩ શ્રાવકધર્મની આરાધના વિરાધના ઉપર સિદ્ધદત્ત કપિલની કથા અને ચાર નિયમ પાળવા ઉપર સુમુખ નૃપાદિ ચાર મિત્રોની કથા. આ ચાર કથાઓ એટલી બધી સરલ, સુંદર, રસિક, પ્રભાવશાલી, ગૌરવતાપૂર્ણ, ચમત્કારિક અને ઉપદેશપ્રદ છે કે તે ચારે કથા વાંચતા રોમરોમ વિકસ્વર થતાં, ધર્મ ઉપર શ્રદ્ધા થવા સાથે ધર્મવૃતિ આત્મામાં પ્રકટતાંજ દરેક મનુષ્ય પોતાના આત્માને માટે મુક્તિ નજીક લાવી મૂકે છે. ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાવી સુશોભિત બાઇંડીંગ સાથે આ ગ્રંથ પ્રકટ કરવામાં આવેલ છે. ઘણીજ થોડી નકલો સીલીકે છે માટે જલદી મંગાવો.

કિંમત રૂા. ૧–૦–૦ પોષ્ટેજ જુદું. મળવાનું ઠેકાણું—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

# ધાર્મિક પાઠ્ય પુસ્તકો.

નીચે પુસ્તકો (શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચાર મંડલ આગ્રાના) અમારે ત્યાંથી મળશે.

સીલીકે ઘણીજ થોડી નકલો છે. જલદી મંગાવો.

| | | | |
|---|---|---|---|
| ૧ કર્મગ્રંથ પહેલો અર્થ સહિત | ૧–૬–૦ | અનુવાદક પંડિત સુખલાલજી | |
| ૨ સદર બીજો ,, | ૦–૧૪–૦ | | |
| ૩ સદર ત્રીજો ,, | ૦–૮–૦ | | |
| ૪ સદર ચોથો ,, | ૨–૦–૦ | | |
| ૫ યોગદર્શન હીંદિ અનુવાદ સાથે | ૧–૮–૦ | ૬ દંડક અર્થ સહિત. | ૦–૪–૦ |
| ૭ વીતરાગ સ્તોત્ર અર્થ સહિત | ૦–૩–૦ | ૮ જીવવિચાર નવતત્ત્વ અર્થ સહિત | ૦–૮–૦ |
| ૯ જૈન તત્ત્વસાર. | ૦–૩–૦ | પોસ્ટેજ જુદું. | |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## ગુજરાતી મહિલા સાહિત્યનું મુકુટ-મણિ

પતિવ્રતા સતી નારીઓની પ્રિય વસ્તુ-

# જૈન સતી રત્ન.

સાત બહુરંગી અને સાદાં ચિત્રોથી શોભાયમાન થઇને

પ્રકટ થઇ ચુકયું છે.

**જૈન સતી રત્ન**—માં સ્વર્ગ અને મનુષ્યલોકનું પ્રત્યક્ષ રૂપ દેખાડનારી શિક્ષાપ્રદ, સરલ અને આકર્ષક કથા છે.

**જૈન સતી રત્ન**—માં સતીઓનાં ચરિત્રો વાંચીને સુખમાં સમભાવ અને દુઃખમાં શાંતિ મળે છે.

**જૈન સતી રત્ન**—ની સતીઓનો અપૂર્વ ધર્માનુરાગ, ઉજ્વલ સતીત્ત્વ અને અડગ ધૈર્યની વાતો વાંચીને મનમાં અલૌકિક બળ આવી જાય છે.

**જૈન સતી રત્ન**—ની કથાઓ દરેક પતિવ્રતા વહુ દીકરીઓ-કુલનારીઓ અને કુમારી કન્યાઓએ વાંચવા અને અનુકરણ કરવા જેવી છે.

**જૈન સતી રત્ન**—ની ભાષામાં નવલકથાનો આનંદ મળે છે, અને સરળતા એટલી છે કે નાની નાની બાલિકાઓ તેમજ થોડું ભણેલી સ્ત્રીઓ પણ એને સમજી શકે છે. કિંમત રૂ. ૧)

લખો—મેનેજર, ગ્રંથ ભંડાર.

લેડી હાર્ડિંજ રોડ, માટુંગા—મુંબઇ.

---

## " તપરત્ન મહોદધિ ભાગ ૧-૨ "

આત્માને મોક્ષ મળવાનું-કર્મનિર્જરા કરવાનું મુખ્ય સાધન જો કોઇ હોય તો તપ મુખ્ય પદ છે. તેથીજ અત્યારસુધીના પ્રચલીત ( કરવામાં આવતા ) અને અપ્રચલીત ( નહીં જાણવામાં આવેલ તેવા ) જુદી જુદી જાતના ૧૬૧ તપ શાસ્ત્રાધારે તેની વિધિ વિધાન સહિત :આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. સાથે કયો તપ કયા ગ્રંથ અથવા આગમ વગેરેમાં છે તેની હકીકત પણ આપવામાં આવેલ છે. તપસ્યા કરનાર મનુષ્યને તેનું, તેના ફળનું, તેના વિધિવિધાનનું જ્ઞાન ન હોય તો તે જોઇયે તેવું ફળ મેળવી શકતો નથી, તેથીજ આ ગ્રંથમાં તે તમામ હકીકત સવિસ્તાર આપવામાં આવેલ છે. કેટલાક તપોનાં નામ વગેરે પણ જાણવામાં નહીં આવેલા હોય તે તમામ જીજ્ઞાસુ મોક્ષના અભિલાષીઓ માટે ઐહિક-પારમાર્થીક સુખની ઇચ્છાવાળાઓ માટે આ એક અપૂર્વ ગ્રંથ છે. સર્વ લાભ લઇ શકે તેટલા માટે શાસ્ત્રી ટાઇપમાં ગુજરાતી ભાષામાં છપાવેલ છે. ઘણા ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાવવામાં આવેલ છે, મંગાવવાથી ખાત્રી થશે. માત્ર તપના જીજ્ઞાસુઓને લાભ આપવા માટે ઘણો મોટો ગ્રંથ હોવા છતાં કિંમત માત્ર નામની મુદ્દલથી ઓછી, બહોળો ફેલાવો થવા આઠ આનાજ ( પોસ્ટેજ જુદું ) રાખવામાં આવેલ છે.

મળવાનું ઠેકાણું:—

**શ્રી જૈન આત્માનંદ સભા.**

**ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તારા પરસેવાની રોટલી તું ખા.

"તારા પરસેવાની રોટલી તું ખા" એ ખ્રિસ્તાજ્ઞા તરફ આંખ મીંચામણાં કરી મૂર્ખાઇ ભરેલા પુષ્કળ વિધિ કરવા એજ ધાર્મિક કર્તવ્ય છે, એવી ગેરસમજમાં ઘણા માણસો પોતાને તેમજ પોતાની સાથે બીજાઓને પણ ફસાવે છે. એજ ફસામણીએ જગતમાં નાનાવિધ દુઃખોનો જન્મ આપ્યો છે. ખ્રિસ્તની આ અતિ હિતાવહ આજ્ઞાને લોકો શિરસાવંદ્ય નથી માનતા અને ઉલટું તેની વિરૂદ્ધજ વર્તવાનું ઘણા ખરાને પ્રિય લાગ્યું છે. ખ્રિસ્તની એ આજ્ઞાને બને તેટલી વધારે તોડવાની રાયથી રંક સુધીમાં સર્વમાં બસ હરીફાઇજ ચાલી રહેલી છે. બોડરેફનો આદ્ય સિદ્ધાંત એ છે કે, પ્રત્યેકે પોતાની રોટલી પોતાની અંગ મહેનતથી મેળવવી જોઇએ. પોતે ક્ષુધા અને ઠંડીથી મરણ પામે નહિ તથા શીતાપણુનાં દુઃખ સહન કરવાં પડે નહિ તે માટે જે જે કંઇ આવશ્યક હોય તે તે સર્વ માણસે પોતાના શ્રમથી મેળવવું જોઇએ. તપાસ કરીશું તો આપણને જણાશે કે, પ્રત્યક્ષ શારીરિક જુલમથી ઉત્પન્ન થનારાં દુઃખ સિવાયનાં માનવ જાતિનાં બીજાં સર્વ દુઃખ ક્ષુધાનાજ કારણથી ઉત્પન્ન થનારાં છે. એક પેટની ગરજને લીધે અન્ય ગરજો ઉત્પન્ન થાય છે. કેટલાકને શક્તિ ઉપરાંત કામ કરવું પડે છે, ત્યારે કેટલાક તદ્દન આળસમાં સડયા કરે છે. આ આળ-સુઓ પડયા પડયા અનેક પ્રકારનાં વ્યસનો ઉત્પન્ન કરે છે. સર્વત્ર અનુભવાતી એ વિષમતાનો ઉચ્છેદ કરવા માટે સર્વેએ પરસ્પર સહાય આપવી એનાથી અધિક કાર્ય અન્ય કયું છે? એક બાજુંએ દરિદ્રતાનો દરિયો, તો બીજી બાજુએ સંપત્તિનો નાગપાશ! આ રીતે સાંપ્રત સમયે માનવ જાત બન્ને બાજુથી બંધાતી જાય છે. ખાઇપીને આખો સમય બેસી રહેવું, આળોટવું, ચોપાટ ગંજીફા ખેલવા, ગાડીઓ દોડાવવી, ગપાટા હાંકવા; એમાંજ ખરૂં સુખ હોવાની જેમની સમજ છે, તે સર્વથા ભૂલમાંજ ભમે છે. **પ્રભુની તથા તેના સંતાનરૂપ પ્રાણીઓની સેવામાં દેહને જોડી રાખવામાં જ પરમ સુખ અને અંતિમ કલ્યાણ રહેલું છે.** ધ્યાનમાં રાખો કે, **બીજાના શ્રમની રોટલી** જ્યાંસુધી તમે આરોગો છો **ત્યાંસુધી તમારે હાથે માનવ જાતિની કે પ્રભુની યથાર્થ સેવા થવી** અશક્યજ છે. તમારી હાજતો તમારે પોતેજ શ્રમ લઇને પૂરી કરવી જોઇએ. તમે મોટા મહારાજા હો, અતિ દયાળુ હો, મોટાં મોટાં પ્રધાનવટાં કરતા હો અથવા પ્રસિદ્ધ શાસ્ત્રજ્ઞ-પંડિત હો, ગમે તે હો પણ તમો ભાત ભાતનાં ભોજન આરોગતા હો અને બારણે ક્ષુધાથી વ્યાકુળ બનેલાં માણસો ઉભા હશે તો શું તમારૂં હૃદય દ્રવીભૂત નહિ બને? છટ્ છટ્ બનેજ કેમ? × × × × × બોડરેફે ગણત્રી કરી છે કે, **પોતાની રોટલી પોતાના શ્રમથી મેળવવાનો પ્રત્યેક માણસ નિશ્ચય કરે તો પ્રત્યેકને આખા વર્ષમાં ફક્ત ચાલીસ જ દિવસ કામ કરવું પડે.**"

"મહાત્મા ટૉલ્સ્ટૉય" માંથી.

For Private And Personal Use Only